RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 89* Date: 18.01.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી નડ્ડાની અધ્યક્ષતામાં લડાશે

જે.પી. નડ્ડાના એક્સટેન્શન પર મહોર લાગી જૂન-૨૦૨૪ સુધી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદે યથાવત્ રહેશે

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીમાં ભાજપની કારોબારી બેઠકનો આજે બીજો અને અંતિમ દિવસ છે. આજે પાર્ટી-અધ્યક્ષ જેપી નડ્ડાના કાર્યકાળ વધારવા પર મહોર લાગી ચૂકી છે. જેપી નડ્ડાનો એક વર્ષનો કાર્યકાળ વધારવામાં આવ્યો છે. ૨૦ જાન્યુઆરીના રોજ નડ્ડાનો કાર્યકાળ સમાપ્ત થવા જઈ રહ્યો હતો. હવે જૂન ૨૦૨૪ સુધી તેઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદ પર રહેશે. કારોબારી બેઠકમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે જેપી નડ્ડાને અધ્યક્ષપદે યથાવત્ રાખવા પ્રસ્તાવ મૂક્યો હતો.

નડ્ડાને ફરીથી અધ્યક્ષની જવાબદારી મળતા જ, તો તેઓ લાલકૃષ્ણ અડવાણી અને અમિત શાહ પછી સતત બીજી ટર્મ મેળવનારા ત્રીજા નેતા બન્યા છે. જોકે રાજનાથ સિંહ બે વખત પાર્ટી-અધ્યક્ષ પણ બન્યા હતા, પરંતુ તેમનો કાર્યકાળ સતત ન હતો. નીચે આપેલા ગ્રાફિકમાં ભાજપની રચનાથી અત્યારસુધીના અધ્યક્ષોની વિગતો આપવામાં આવી છે.આ બેઠક એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે બેઠક શરૂ થયાના એક સપ્તાહ બાદ જ પાર્ટી-અધ્યક્ષ જેપી નડ્ડાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો હતો. જોકે લોકસભાની ચૂંટણીમાં માત્ર એક વર્ષ બાકી છે, તેથી નડ્ડાને ૨૦૨૪ સુધી એક્સટેન્શન આપવામાં આવે એવી પ્રબળ સંભાવના પહેલાથી હતી અને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું.

લોકસભાની ચૂંટણીમાં માત્ર એકાદ વર્ષ બાકી છે, જેથી નડ્ડાનો કાર્યકાળ વધારવામાં આવ્યો છે. ત્યાર પછી પાર્ટીના અધ્યક્ષની ચૂંટણી સંભવ છે. જોકે પહેલા દિવસની બેઠક પછી નાણામંત્રી નિર્મલા સીતારમણે દાવો કર્યો હતો કે બેઠકમાં પાર્ટી-અધ્યક્ષ જેપી નડ્ડાનો કાર્યકાળ વધારવાને લઈને કોઈ ચર્ચા થઈ નહોતી.પાર્ટી-અધ્યક્ષનો કાર્યકાળ લંબાવવાનું એક મહત્ત્વનું કારણ આ વર્ષના અંતમાં યોજાનારી ૯ રાજ્યની વિધાનસભાની ચૂંટણી છે. એ જ સમયે જમ્મુ અને કાશ્મીરમાં મે અને જૂન વચ્ચે ચૂંટણી યોજાવાની સંભાવના છે. જો કોઈ કારણસર જેપી નડ્ડાના નામ પર સર્વસંમતિ ન બની હોત, તો ભૂપેન્દ્ર યાદવનું નામ રેસમાં સૌથી આગળ હતું.

પહેલા દિવસે સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ માર્ગથી એનડીએમસી કન્વેન્શન સેન્ટર સુધી લગભગ ૧૫ મિનિટ સુધી રોડ શો કર્યો હતો. આ પછી તેઓ સીધા જ કારોબારીની બેઠકમાં પહોંચ્યા અને કાર્યક્રમનું ઔપચારિક ઉદઘાટન કર્યું. ભાજપ નેતા રવિશંકર પ્રસાદે મીટિંગ અંગે મીડિયાને માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નબળા બૂથની ઓળખ કરી હતી અને તેમને મજબૂતીથી કામ કરવા કહ્યું હતું. પાર્ટીએ આવાં ૭૨ હજાર બૂથની ઓળખ કરી છે. અત્યારસુધી પાર્ટી ૧ લાખ ૩૨ હજાર બૂથ પર પહોંચી ગઈ છે.

૨૦૨૩માં દેશનાં ૯ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક અને તેલંગાણા જેવાં મોટાં રાજ્યોનો સમાવેશ થાય છે. બીજી તરફ આ વર્ષે પૂર્વોત્તરમાં ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ અને મિઝોરમમાં ચૂંટણી યોજાશે. જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષે જ ચૂંટણી થવાની પૂરી શક્યતા છે. બેઠકમાં આ રાજ્યોના સંગઠનમાં મજબૂતાઈ લાવવાના હેતુથી જરૂરી ફેરફારોને મંજૂરી આપી શકાય છે. નવા ચહેરાઓને પણ તક મળી શકે છે.જમ્મુ અને કાશ્મીરના સમાવેશ પછી ૨૦૨૩માં કુલ ૧૦ વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની સંભાવના છે. આ રાજ્યોમાં લોકસભાની ૧૭% બેઠકો છે. આ સાથે ઉત્તરથી દક્ષિણ સુધી ફેલાયેલાં આ રાજ્યોનો નિર્ણય આવતા વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીમાં જનતાના મૂડની ઝલક પણ મળી શકે છે. નીચે આપેલા ગ્રાફિક પરથી આ ૧૦ રાજ્યનું રાજકીય ગણિત સમજી શકાય છે...અત્યારસુધી એવી અટકળો ચાલી રહી હતી કે ભાજપ તેની રાષ્ટ્રીય કાર્ય સમિતિની બેઠક ચૂંટણીલક્ષી રાજ્યમાં યોજી શકે છે. આ મધ્યપ્રદેશ અને તેલંગાણાનાં નામો મુખ્ય રીતે લેવામાં આવી રહ્યાં હતાં, પરંતુ પાર્ટીએ દિલ્હીમાં રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવી છે અને સ્પષ્ટ કર્યું છે કે તેનું ચૂંટણી અભિયાન કેન્દ્રીય લીડરશિપ જ નક્કી કરશે.ભાજપે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા લેવામાં આવેલી નીતિઓ અને પહેલથી દેશને 'સંતૃપ્તિની રાજનીતિ અને સંતૃપ્તિના શાસન' માં લઈ ગયા છે અને ભારતને 'પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા' માં પરિવર્તિત કરી છે.રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં અપનાવવામાં આવેલા તેના સામાજિક-આર્થિક ઠરાવમાં આ વાત કહી છે.આ ઠરાવને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને કેન્દ્રીય પ્રધાન વી મુરલીધરન અને હરિયાણાના પક્ષના સાંસદ સુનિતા દુગ્ગલ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેમાં મોદીની સિદ્ધિઓ અને જી૨૦ પ્રમુખપદ માટે પ્રશંસા કરવામાં આવી હતી.ઠરાવમાં અયોધ્યામાં રામ મંદિરના ઝડપી નિર્માણ માટે મોદીના પ્રયાસોની પણ પ્રશંસા કરવામાં આવી હતી. ×વિપક્ષ રામ મંદિરના નિર્માણ માટે સમયમર્યાદા નક્કી કરવા માટે ભાજપની મજાક ઉડાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. હવે મંદિર બની રહ્યું છે અને તારીખો પણ જાહેર કરવામાં આવી છે.

મમતા બેનર્જી ગુજરાત પોલીસ પર ગુસ્સે ભરાયા

ગુજરાત પોલીસે દિલ્હીમાં બંગા ભવનના સીસીટીવી ફૂટેજ જપ્ત કરી લીધા હતા. હું આ દૂસ્સાહસ ની નિંદા કરું છું.

કોલકતા,તા.૧૭

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા સાકેત ગોખલેની ધરપકડને લઈને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુજરાત પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યા છે.તેમણે કહ્યું કે, સાકેત ગોખલેની ધરપકડ બાદ ગુજરાત પોલીસે દિલ્હીમાં પશ્ચિમ બંગાળ સરકારના ગેસ્ટ હાઉસથી ગેરકાયદેસર રૂપે સીસીટીવી ફૂટેજ જપ્ત કરી હતી. તેમનું કહેવું છે કે આ કામમાં દિલ્હી પોલીસે ગુજરાત પોલીસની મદદ કરી હતી.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યના મુખ્ય સચિવ એચકે દ્વિવેદીને નિર્દેશ આપ્યા કે જો ભવિષ્યમાં કોઈ મંજૂરી વિના ગેસ્ટ હાઉસના પરિસરમાં પ્રવેશ કરે તો તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. મુર્શીદાબાદના સાગરદીઘીમાં એક સરકારી કાર્યક્રમમાં સભાને સંબોધિત કરતા તેમણે કહ્યું કે, ગુજરાત પોલીસે દિલ્હી પોલીસની મદદથી નવી દિલ્હીમાં બંગા ભવનના સીસીટીવી ફૂટેજ જપ્ત કરી લીધા હતા. હું આ દૂસ્સાહસ (સીસીટીવી ફૂટેજ જપ્ત કરવા)ની નિંદા કરું છું.

બંગા ભવન બંગાળ સરકારની સંપત્તિ છે અને હું મુખ્ય સચિવને કહેવા માગીશ કે જો કોઈ મંજૂરી વિના પરિસરમાં પ્રવેશ કરે છે તો તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, તેઓ પોતાના દિલ્હી પ્રવાસ દરમિયાન મોટા ભાગે અભિષેક બેનર્જીના ઘરે રહે છે, પરંતુ જ્યારે એકલા મુસાફરી કરે છે તો બંગાળ ભવનમાં રહે છે. બંગાળ ભવનમાં મુખ્ય ન્યાયાધીશ, રાજનેતા, રાજ્યપાલ અને પત્રકાર દરેક સમયે ત્યાં રહે છે અને ગુજરાત પોલીસે તેની બધી સીસીટીવી ફૂટેજ જપ્ત કરી છે.

તેમણે ગુજરાત પોલીસને સવાલ કરતા કહ્યું કે, તેઓ શું જાણવા માંગે છે? તેમને એમ કરવાનો અધિકાર કોણે આપ્યો? મમતા બેનર્જીએ સ્પષ્ટ રૂપે એ તારીખનો ઉલ્લેખ ન કર્યો, જે દિવસે સીસીટીવી ફૂટેજ જપ્ત કરવામાં આવી હતી, પરંતુ તેમણે કહ્યું કે, આ ઘટના સાકેત ગોખલેની ધરપકડ બાદ થઈ છે. તૃણમૂલ કોંગ્રેસના એક સામાજિક કાર્યકર્તાને ગુજરાત પોલીસે દિલ્હી પોલીસની મદદથી ધરપકડ કરી.

તેમની એક વખત રાજસ્થાનના એક એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી અને કોર્ટ દ્વારા જામીન આપ્યા બાદ તેમની ફરી બંગાળ ભવનમાં ધરપકડ કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસે ૨૯ ડિસેમ્બરના રોજ સાકેત ગોખલેને બંગાળ ભવનથી ધરપકડ કરી હતી.

ગયા વર્ષે મોરબી પુલ અકસ્માતની ઘટના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોરબી પુલ અકસ્માતને લઈને તેમણે ટ્વીટ કરી હતી. આ સંબંધમાં આ તૃણમૂલ કોંગ્રેસના નેતાની ત્રીજી ધરપકડ હતી. ત્રીજી ધરપકડ બે વખત કોર્ટ દ્વારા જામીન આપ્યા બાદ થઈ.

ભારતના બ્રિટન, યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની સંભાવના

નવીદિલ્હી,તા.૧૭

બ્રિટન તથા યુરોપિયન યુનિયન (ઈયુ) સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (એફટીએ) માટે ભારતની વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી હોવાનું કેન્દ્ર સરકારના અધિકારીઓએ જણાવ્યું હતું. વાટાઘાટોના આગામી રાઉન્ડની શરૂઆત ટૂંક સમયમાં થશે એમ સોમવારે અધિકારીઓએ જણાવ્યું હતું. હાલમાં જ ભારતે બ્રિટન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સંબંધિત વાટાઘાટોનો છઠ્ઠો તથા ઈયુ સાથે ત્રીજો રાઉન્ડ સંપન્ન કર્યો હતો.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બન્ને એગ્રીમેન્ટ્સમાં ચીજવસ્તુઓ, સેવાઓ, શ્રમ, પર્યાવરણ તથા રોકાણને લઈને વિસ્તૃત ચર્ચા થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બ્રિટન સાથેના છેલ્લા રાઉન્ડમાં બન્ને દેશો વચ્ચે સાનુકૂળ વાતાવરણ રચાયું હતું તથા બન્ને દેશો વચ્ચેની સમજણ વધુ સઘન બની હતી. ગત વર્ષે ૧૩ જાન્યુઆરીથી બ્રિટન સાથે એફટીએ માટે વાટાઘાટોની શરૂઆત થઈ હતી.

ભારત અને ઈયુ વચ્ચે એફટીએ માટેની વાટાઘાટો ૮ વર્ષ બાદ ગત વર્ષે ૧૭ જૂનથી ફરી શરૂ થઈ છે. ૨૦૨૧-૨૨માં ભારત-ઈયુ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૪૩.૫ ટકા વધીને ૧૧૬.૩૬ અબજ ડૉલર થયો હતો.

ભારત અને બ્રિટન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૦-૨૧માં ૧૩.૨ અબજ ડૉલરથી વધીને ૨૦૨૧-૨૨માં ૧૭.૫ અબજ ડૉલર થયો હતો. ૨૦૨૧-૨૨માં બ્રિટનમાં ભારતે ૧૦.૫ અબજ ડૉલરની નિકાસ કરી હતી. જ્યારે આયાત ૭ અબજ ડૉલરની હતી.

અમેરિકાએ ૨૦૧૯માં ભારતને મળતા જીએસપી (જનરલાઈઝ સિસ્ટમ ઑફ પ્રેફરન્સ)ના લાભો બંધ કર્યા હતા.

સરકારે ઈક્રમ ટેક્સ ફ્રી લિમિટને ૨ લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ કરી

નવીદિલ્હી,તા.૧૭

મોદી સરકારનો આ બીજો કાર્યકાળ છે. પહેલો કાર્યકાળ વર્ષ ૨૦૧૪મા શરૂ થયો હતો. તે દરમિયાન સત્તામાં આવતાની સાથે જ સરકારે કરદાતાઓને ખૂબ મોટા સારા સમાચાર આપ્યા હતા. સરકારે ઈક્રમ ટેક્સ ફ્રી લિમિટને ૨ લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ કરી હતી.

પરંતુ, એ પછી છેલ્લા ૯ વર્ષમાં ઈક્રમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નથી થયો. પરંતુ, વર્ષ ૨૦૨૩મા મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું પૂર્ણ બજેટ છે. એવામાં અર્થશાસ્ત્રીથી લઈને નાણાકીય નિષ્ણાતો સુધી દરેક માની રહ્યા છે કે, ટેક્સ ફ્રી લિમિટ વધશે. બજેટ ૨૦૨૩ થોડા દિવસોમાં જ રજૂ થવાનું છે.

મોદી સરકાર તરફથી લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પહેલાનું આ છેલ્લું પૂર્ણ બજેટ છે. જ્યારે આ બજેટમાં, મોદી સરકાર તરફથી ઘણી જાહેરાતો કરવામાં આવે તેવી સંભાવનાઓ છે. આ સાથે જ મધ્યમ વર્ગના લોકોને પણ આ વખતના બજેટમાં ટેક્સમાં છૂટ મળવાની આશા છે. જો કે, બજેટ પહેલા અમે તમને જણાવવાના છે કે હાલમાં કયા સ્લેબ હેઠળ ઈક્રમ પર ટેક્સ આપવામાં આવે છે.

હાલમાં ભારતમાં કર વ્યવસ્થાઓ હેઠળ આવકવેરો આપવામાં આવે છે. જેમાં એકનું નામ છે ઓલ્ડ ટેક્સ રેજીમ અને બીજાનું નામ છે ન્યુ ટેક્સ રેજીમ આ બંને વ્યવસ્થાઓમાં અલગ-અલગ સ્લેબ મુજબ ટેક્સ વસૂલવામાં આવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વાત કરીએ તો, આ નાણાકીય વર્ષમાં, અલગ-અલગ આવક પર ૫ ટકાથી ૩૦ ટકા સુધી ટેક્સ વસૂલવામાં આવે છે. જ્યારે, તેમાં ૧૦ ટકા ટેક્સને લઈને એક મહત્વપૂર્ણ વાત છે જે લોકોએ જાણી લેવી જોઈએ.

મધ્યપ્રદેશના મંત્રીએ રોડની ખરાબ હાલત માટે માફી માગી એક વ્યક્તિના પગ ધોયા

ગ્વાલિયર,તા.૧૭

મધ્યપ્રદેશના મંત્રી પ્રદ્યુમન સિંહે ગ્વાલિયરમાં રોડની ખરાબ હાલત માટે માફી માંગી. એટલું જ નહીં તેમણે એક વ્યક્તિના પગ પણ ધોયા. મંત્રીના આ કામને લઈને લોકોએ તેમની સાદગીના વખાણ કર્યા અને તેમને સીધાસાદા અને સરળ ગણાવ્યા.મંત્રી પ્રદ્યુમન સિંહે કહ્યું કે, 'મેં રસ્તાની ખરાબ હાલત માટે લોકોની માફી માંગી હતી અને ગટર લાઈનના કામ માટે ખોદવામાં આવેલા રસ્તાને રિપેર કરવાનું વચન આપ્યું હતું.' અહીં તમને બતાવી દઈએ કે, માધ્ય પ્રદેશમાં આ વર્ષે વિધાનસભા નું ઈલેકશન થવાનું છે. જેમાં ઘણા મંત્રીઓની વિશ્વસનીયતા દાવ પર લાગી છે.

આ સમયે, ઉર્જા પ્રધાન પ્રદ્યુમન સિંહ તોમર સવારે તેમની વિધાનસભામાં રસ્તાઓનું નિરીક્ષણ કરવા નીકળે છે. એ જ રીતે,તે ગ્વાલિયરમાં મેન્ટલ હોસ્પિટલ પાસે રસ્તાનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા, લોકોએ તેમને ફરિયાદ કરી હતી કે, આ વિસ્તારના રસ્તાઓ ખોદેલા અને માટીથી ભરેલા છે. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલો એક યુવક તેની પાસે પહોંચ્યો, તેના પગ સંપૂર્ણપણે માટીથી ખરડાયેલા હતા. યુવકને જોઈને ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમરે હાથ જોડીને માફી માંગી અને કહ્યું કે 'હું તમારા કારણે છું, તેથી તમારી સમસ્યા મારી સમસ્યા છે. હું આ સમસ્યાને સંપૂર્ણ રીતે સમાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યો છું, તેથી લોકોની જે સામાન્ય સમસ્યા છે, જેવી કે, વીજળી, પાણી અને રસ્તા પર સૌથી વધુ નજર રાખવામાં આવી રહી છે. રોડની ખરાબ હાલત માટે હું તમારા બધાની માફી માંગુ છું. સાથે જ હું વચન આપું છું કે ગટર લાઈનના કામ માટે ખોદી નાખવામાં આવેલો રોડ વહેલી તકે રીપેર કરવામાં આવશે.'વાસ્તવમાં મધ્યપ્રદેશના ઉર્જા મંત્રી અને સિંધિયાના સમર્થક પ્રદ્યુમન સિંહ તોમર રસ્તાઓનું નિરીક્ષણ કરવા નીકળ્યા હતા. આ દરમિયાન એક વ્યક્તિનો પગ કાદવમાં ગંદો થઈ ગયો, ત્યારબાદ તેણે જાતે જ પાણી મંગાવીને વ્યક્તિના પગ ધોયા. જ્યારે મંત્રીને આ અંગે પૂછવામાં આવ્યું, તો તેમણે કહ્યું કે આ તેમની ફરજ છે.

તંત્રી સ્થાનેથી...

વિરોધના સૂર

વડાપ્રધાન દ્વારા વિશ્વના સૌથી લાંબા નદી ક્રૂઝ ગંગા વિલાસનું લોકાર્પણ કરવાની સાથે જ જે રીતે તેના વિરોધમાં સૂર સાંભળવા મળ્યા, તેનાથી આશ્ચર્ય થવું સ્વાભાવિક છે. વિરોધનો એક સ્વર સંભળાયો સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ તરફથી. તેમણે કહ્યું કે આ ક્રૂઝથી નિષાદ સમુદાયને કેવી રીતે લાભ થશે? આ એક વાહિયાત પ્રશ્ન છે, કારણ કે ક્રૂઝથી નિષાદ સમુદાયને કોઈ નુકસાન નથી થવાનું. હા, લાભ અવશ્ય થઈ શકે છે, કારણ કે હવે વધુ સંખ્યામાં દેશી-વિદેશી પર્યટકો વારાણસી આવશે. અખિલેશ યાદવના તર્કના હિસાબે તો નદીઓ પર પુલ પણ ન બનવા જોઈએ. તેમને એ સામાન્ય જાણકારી હોવી જોઈએ કે જ્યાં પણ મોટી સંખ્યામાં પર્યટકો પહોંચે છે ત્યારે ત્યાંના લોકો કોઈને કોઈ રૂપે લાભાન્વિત થાય જ છે. ગંગા વિલાસ ક્રુઝ વારાણસીથી લઈને અસમના દિબ્રૂગઢ સુધી ચાલશે. તે બિહાર, ઝારખંડની સાથે બંગાળ અને બાંગ્લાદેશથી પણ પસાર થશે. એક રીતે તે દેશના પૂર્વ ક્ષેત્રમાં પર્યટનને ગતિ આપશે. એ કોઈથી છૂપું નથી કે કેટલીય સંભાવનાઓ હોવા છતાં પણ આ ક્ષેત્ર પર્યટનમાં હજુ પછાત રહી ગયું છે. જ્યારે બધા એ માની રહ્યા છે કે ગંગા વિલાસ ક્રૂઝના માધ્યમથી પર્યટનને પાંખો આવશે, ત્યારે એ સમજવું મુશ્કેલ છે કે કેટલાક નેતા તેના વિરોધમાં ઊભા થઈ રહ્યા છે!

જેડીયુના નેતા લલન સિંહ તો એવા નિષ્કર્ષ પર પહોંચી ગયા કે ક્રૂઝ યોજના વિકાસ વિરોધી છે! તેમણે ત્યાં સુધી કહી દીધું કે તેઓ આ યોજનાનો વિરોધ કરશે. એ સારું થયું કે જેડીયુના સહયોગી પક્ષ આરજેડીએ યોજનાનું સમર્થન કર્યું અને તેજસ્વી યાદવ સંબંધિત કાર્યક્રમમાં સામેલ પણ થયા. જોકે નીતિશ કુમારે આવું કરવું જરૂરી કેમ ન માન્યું તે તપાસનો વિષય છે. નીતિશની જેમ જ બંગાળ અને ઝારખંડના મુખ્યમંત્રી પણ ગંગા વિલાસના લોકાર્પણના અવસરે આયોજિત કાર્યક્રમથી દૂર જ રહ્યા. ગંગા વિલાસ ક્રૂઝના વિરોધમાં ઊઠેલા અવાજો વિરોધ ખાતર વિરોધ કરવાની સંકીર્ણ રાજનીતિ જ દર્શાવે છે. દુર્ભાગ્યે આવી રાજનીતિ તથ્યથી પરિચિત હોવા છતાં પણ કરવામાં આવી રહી છે કે ગંગા વિલાસ ક્રૂઝ દેશના જે લગભગ ૪૦ શહેરોમાંથી પસાર થશે, ત્યાં પર્યટનને બળ મળશે. એવું લાગે છે કે આપણા નેતા એ જાણવા-સમજવા માટે તૈયાર નથી કે પર્યટન કેટલી પ્રબળ સંભાવનાઓ ધરાવતું ક્ષેત્ર છે. તે આવકનું સાધન બનવાની સાથે જ રોજગાર ઉપલબ્ધ કરાવવાનું પણ કામ કરે છે. આ દિશામાં બહુ કામ કરવાની જરૂર છે, કારણકે કેટલાય નાના-નાના દક્ષિણ પૂર્વી એશિયાઈ દેશ ભારતની તુલનામાં ક્યાંય વધુ પર્યટકોને આકર્ષિત કરે છે. ગંગા વિલાસ ક્રૂઝે કઈ રીતે દુનિયાભરના પર્યટકોનું ધ્યાન ખેંચ્યું છે, એ તેના પરથી સમજી શકાય છે કે આગામી બે વર્ષ માટે તેની મોટાભાગની ટિકિટો બૂક થઈ ગઈ છે.

બીએમસી કમિશનરની ઈડી ઓફિસે ચાર કલાક પૂછપરછ

મુંબઈ,તા.૧૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ની નોટિસના પગલે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ઇકબાલસિંહ ચહલ આજે પૂછપરછ માટે હાજર થયા હતા. ઈડીએ અંદાજે ચાર કલાક સુધી તેમનું નિવેદન નોંધ્યું હતું. કોરોના સમયગાળા દરમિયાન કોવિડ સેન્ટરમાં કૌભાંડનો તેમના પર આરોપ છે. બીજીતરફ મહારાષ્ટ્ર સરકારના આદેશ પર જમ્બો કોવિડ-૧૯ કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી, એમ ચહલે જણાવ્યું હતું.

બીએમસી તપાસમાં કેન્દ્રીય એજન્સીને તમામ સહકાર આપી રહી છે, એમ ચહલે ઈડીની ઓફિસમાંથી બહાર આવ્યા પછી પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું.દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી ઈડીની ઓફિસમાં ચહલ સવારે ૧૧.૪૦ વાગ્યે હાજર થયા હતા. પછી સાંજે ૪.૦૦ વાગ્યે ઓફિસમાંથી બહાર આવ્યા હતા.કોવિડ-૧૯ સેન્ટર કોન્ટ્રાક્ટમાં અનિયમિતતાના મામલામાં ઈડીએ અગાઉ ચહલને નિવેદન નોંધવા માટે સમન્સ પાઠવ્યું હતું.પાલિકા કમિશનર ચહલે પત્રકારોને જણાવ્યું હતું કે 'મુંબઈમાં કોવિડ-૧૯નો સામનો કરવા માટે ઝડપી તૈયારીઓ કરવામાં આવી ન હોત તો પરિસ્થિતિ નિયંત્રણની બહાર થઈ ગઈ હોત. માર્ચ-૨૦૨૦માં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. બીએમસીએ રાજ્ય સરકારની સુચનાઓ મુજબ જમ્બો કોવિડ-૧૯ કેન્દ્રો શરૂ કર્યા હતા. કેટલીક જગ્યાઓ હસ્તગત કરીને ફિલ્ડ હોસ્પિટલો બનાવવામાં આવી હતી.કોવિડ-૧૯ ફિલ્ડ હોસ્પિટલોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી સ્ટાફને આઉટસોર્સ કર્યો હતો. આને કારણે સમયસર સારવાર મળતા લાખો લોકોના જીવ બચી ગયા હતા. આ સુવિધા પૂરી પાડનારા કેટલાકે કોન્ટ્રાક્ટ મેળવવા નકલી દસ્તાવેજો રજૂ કર્યા હોવાનું માલૂમ પડતા બીએમસીએ પોલીસને પત્ર લખીને આ બાબતની તપાસ કરવા કહ્યું હતું. મે ઈડીને જાણ કરી છે કે અમે બીએમસી તરફતી તમામ સહકાર આપીશું. જો ફરીથી તપાસ માટે બોલાવવામા આવશે તો ઈડી સમક્ષ હાજર થઈશ, એમ આઇએએસ ઓફિસર ચહલે વધુમાં કહ્યું હતું.

ઈંધણામાં
અચાનક આવ્યો,
ખુદના બેસણામાં,
બધા તાપતા હતા,
તર્કના તાપણાંમાં.
છોકરો મશગુલ,
ફોનના ખેંચાણમાં .
જણ આપણો હતો,
સળગ્યો ઈંધણામાં.
બરકત કયાં હતી,
ઘરના ઠકરાણામાં??
આમ તો જીવી જતે,
ખપી ગયો મોકાણમાં.
કશું જ કામે લાગ્યું નહીં,
દીન નો'તો ઓળખાણમાં
એને ઊપર મોજેમોજ,
છવાયો ઓવારણામાં!!
ભરત વૈષ્ણવ
૧૭.૧.૨૦૨૩.

દિલ્હી મહાનગરપાલિકાના મેયર-ડેપ્યુટી મેયરની ચૂંટણીએ ઠંડી ઉડાડી !!!

" જબ રાત હો ઐસી મતવાલી તો સુબહકા આલમ કયા હોત્રગાઆઆઆઆઆઆઉઉ!!" રાજુ રદી ગદર્ભાસૂર ગાંગરતો ગાંગરતો મારા ઘરે આવી રહ્યો હતો. ગધેડા અને શિયાળની બાળ વાર્તાની જેમ રાજુ પર ગા' વા'ના વાએ એટેક કર્યો હતો!ના હુ તો ગાઈશ એ રાજુનો સ્વેગ કે સ્લોગન છે. પાછળ વા અક્ષર આવતી બધી પ્રવૃતિ માટે રાજુ ઓવર એકસાઈટેડ રહે છે. જેમ કે ખાવા, પાવા, નાહવા, હસવા, ખસવા, રડવા, ગાવા , ભૂંકવા, પરણવા. છેલ્લો શબ્દ રાજુના બહુપાંખિયા પર્યાય પછી સફળતામાં પરિવર્તિત થતો નથી. ફૂટબોલમાં દરેક પેનલ્ટી શૂટઆઉટ ગોલમાં કન્વર્ટ થતી નથી. દરેક નોબોલે મળતી ફ્રી હાટમાં સિકસર રે ફોર વાગતી નથી. ચૂંટણી સભા કે રોડશોમાં સ્વયંભૂ કે એકત્રિત કરેલી ભીડ મતમાં કન્વર્ટ થતી નથી!!

" રાજુ. જેકપોટ લાગ્યો કે શું?" મેં જાણી જોઈને લગ્નનો મુદ્દો છેડ્યો નહીં.આપણા શાલીન હાસ્ય સમ્રાટ શાહબુદીન રાઠોડસાહેબના પાત્ર ધીરૂની જેમ રાજુ રદી આળો થઈ ગયો છે. ધીરૂ લગ્ન કરવા માટેના નોર્મ્સ ઘટાડીને કન્યાને અક્ષરજ્ઞાન હું આપીશ એમ કહે છે. રાજુ રદીના કિસ્સામાં રાજુ કન્યાને ઘોડિયે (અરે તમારી લેંગવેંજમા કેડલ ડયુડ!) હીંચોળવા સુધ્ધાની સ્વૈચ્છિક તૈયારી દર્શાવી છે!! એ તો સારું છે કે કન્યારત્નનો જન્મ કરાવવા મીડવાઈફ કે દાયણ બનવા સુધી રાજુ રદી પહોંચ્યો નથી.

" ગિરધરભાઈ દિલ્હીમાં સૌને નિશુલ્ક એન્ટરટેંઈનમેન્ટ એન્ટરટેઈનમેન્ટ અને એન્ટરટેઈનમેન્ટનો મહા જેકપોટ લાગ્યો છે. પંદર વરસથી એક પાર્ટી મહાનગરપાલિકામાં હતી . નવી પાર્ટી સત્તાસ્થાને આવી છે."રાજુએ રહસ્યોદઘાટન કર્યું.

" રાજુ લોટરીમાં તો એક જ વ્યકિત જ જીતી શકે. તારા કહેવા મુજબ આખા દિલ્હીને જેકપોટ કેવી રીતે લાગી શકે??" મેં માથું ખંજવાળતા ખંજવાળતા પૂછયું.

" દિલ્હીમાં ત્રણ મહાનગરપાલિકા હતી.તેના પર કબ્જો જમાવવા અગડમ્ બગડમ્ જેવું તિકડમ કરી મણ મહાનગરપાલિકાને પાણીમાં મીઠું ભળી જાય તેમ ભેળવીને ગ્રેટર કોર્પોરેશન બનાવ્યું. પ્રજાએ બેલેટથી જૂના શાસકોને કચરાના ડસ્ટબીમાં ફેંકી દીધા. નવા નકોર કોર્પોર્ટરો મેયરની ચૂંટણી કરવા એકત્ર થયા.બેઠકમાં પ્રથમ ગ્રાસે મારામારી થઈ. માનો કે નવા વરસ અને એમસીડીની શુભ શરૂઆત થઈ. મુહૂર્તનાં મારામારીના સોદા સફળ થયા!! પેલું કહે છે વે કે વેલ બિગીનીંગ ઈઝ હાફ ડન . એટલે કે સારી શરૂઆત એ અડધી સફળતા છે એન કહેવાય છે!!!"રાજુ રદીએ વિવેચન કર્યું

" રાજુ.આજકાલ ઠંડીનો માહૌલ છે. તેના કારણોમાં જઈએ તો આપણે ત્યાં વિધાનસભાની ચૂંટણી પૂરી થઈ. જેમાં ભરપૂર ઉતેજના આક્ષેપ પ્રતિઆક્ષેપ, ગાલીગલોચ, ચારિત્ર્ય હવન, રેવડી કલ્ચર, સભામાં ખાલી ખુરશીઓ, ચૂંટણી સંકલ્પોની હાથીપૂર આવ્યા!!! એ વખતે એક બે ડીગ્રી તાપમાન વધ્યું હશે. ચૂંટણી પતી એટલે ટાઢોડું થઈ ગયું. બીજી ચૂંટણીને વરસ દોઢ વરસને વાર છે. વળી, શિયાળો ચાલે છે. અમેરિકાના કેટલાક વિસ્તારમાં સાયકલોન બોમ્બ ઝીંકાયો છે. જેની અસર વીસ કરોડ લોકોને થઈ છે!! ઠંડીનો પ્રકોપ એટલો બધો વધ્યો છે કે દક્ષિણ ડેકોટામાં કેટલાક મૂળ અમેરિકનો માટે ઈંધણ ખાલી થઈ જતાં ગરમી માટે કપડાં બાળવાનો વારો આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા હતા. ખરાબ વાતાવરણને કારણે દેશમાં ૧૫ લાખ લોકોનાં ઘરોમાં વીજળી ગુલ થઈ હતી અને હજારો ફ્લાઈટો રદ કરાઈ છે.અમેરિકાનાં ઘણાં રાજ્યોમાં લોકોને ઘરની અંદર જ રહેવાની અપીલ કરાઈ છે. ભારત પણ ઠંડીની ઝપેટમાં ઝપટે ચડી ગયું છે. લોકો ઠંડીનો સામનો કરવા તાપણા, સ્વેટર, જેકેટ, કોટ, શાલ, મફલર હીટર વગેરેનો ઉપયોગ કરે છે!!નવી દિલ્હીમાં ઠંડી ઉડાડવાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે."મે રાજુ રદીને કહ્યું

" ગિરધરભાઈ. મેયર-ડે. મેયરની ચૂંટણી કરવા માટે નવ નિર્વાસિત પાર્ષદોની(પાર્ષદ એટલે પાળા કે ભક્ત નહીં. પાર્ષદ એટલે કાર્પોરેટર!!) બેઠક ખંડ ફૂલોથી સજાવવામાં આવેલ. પરફ્યુમ પણ ધારાધોરણ મુજબ છાંટવામાં આવેલ. અધિકારીઓ સસ્મિત વદને નવા રાજાઓને આવકારી રહ્યા હતા, જે આગાની પાંચ વરસમાં નબળો ધણી બૈરી પર શૂરોના ન્યાયે લાફાલાફી કરી પછીથી માફામાફી કરવાનો છે!!" રાજુએ સંજય દ્રષ્ટિથી મેળવેલ વૃતાંત રજૂ કર્યો .

" રાજુ. બેઠકની શરૂઆતે બધા એકબીજાને મળ્યા. ઉષ્માપૂર્વક હસ્તધૂનન કર્યું. ગળે મળ્યા. માનો કુંભના મેળામાં ખોવાયેલ ભાઈઓ જે ગર્મજોશીથી મળે તેમ મળ્યા.કોર્પોરેટરની શપથવિધિમાં એલજી નામે ઓળખાતા સભ્યોને શપથ લેવડાવતા બાજી બગડી. સામેવાળાઓએ ધમાલ શરૂ કરી. ફૂલના કૂંડા તોડી ગુસ્સો વ્યકત કર્યો.કાગળો ફાડયા. કાગળો ઉછાળ્યા,વેઈટ લિફ્ટરની માફક ખુરશીઓ ઉંચકીને પછાડી. માઈક તોડ્યા . મેયર-ડેપ્યુટી મેયરની ચૂંટણી કડે ચડી ગઈ. કાઉન્સિલર વચ્ચે છુટ્ટા હાથની મારામારી પણ થઈ. બંને પક્ષના લોકોએ એકબીજાને ધક્કે ચડાવ્યા, ખુરશીઓ ઉછાળી હતી. આ બધી ધમાચકડીને ધ્યાનમાં લેતા આજે આખા દિવસ માટે સદનની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી. કોર્પોરેટરોને પાડાઓની જેમ લડવા દો. લોહીલુહાણ થવા દો. ફાઈટ ટુ ફિનીંશ લડવા દો . જેમ તામિલનાડુંમા જલ્લીકટ્ટુ અને સ્પેનના બુલ ફાઈટ થાય છે,તેમ લડવા દો." મેં આંખેદેખ્યો અહેવાલ રજૂ કર્યો!!

વિધાનસભા, સંસદ, પંચાયતો વગેરેમાં જે હંગામા થાય છે, તેમાં વૈજ્ઞાનિક અને આધુનિક ટચ જોવા મળતું નથી.અધૂરામાં પૂરું તોફાનો કરવાની તાલીમ મળે તેવી શાળા ,હાઈસ્કૂલ,કોલેજોમાં વ્યવસ્થા નથી. નવી શિક્ષણનીતિમાં પણ કોઈ ઉલ્લેખ નથી. ગણેશ માવલંકર સ્મૃતિ વ્યાખ્યાન માળા કે સંસદ તાલીમ કેન્દ્ર મારફત થિયેરીકલ કે પ્રેકટિકલ તાલીમની વ્યવસ્થા કરવી જરૂરી છે. કોઈ યુનિવર્સિટીમાં ચેર રાખી શકાય. આ વિષયનો પીએચડી કરવાના સિલેબસમાં સમાવી શકાય!!

૨૦૨૨નું વરસ ઈતિહાસના પૃષ્ઠો પર કડવી અને કારમી અમીટ છાપ અંકિત કરીને વિદાય થયું છે. ૨૦૨૩ ના વરસમાં વધુ ધાંધલ,ધમાલ,તોફાન, હંગામા, હલ્લાબોલ થાય તેવી આશા, અપેક્ષા, અરમાન છે!

ભરત વૈષ્ણવ
૧૭.૧.૨૦૨૩.

" પક્ષીઓ પણ દોરી વગરના પતંગ જ છે, બસ એ ચગતા રહે એજ આપણા માટે મકરસંક્રાંતિ ..!! "

મકરસંક્રાંતિ/ઉત્તરાયણ એટલે આનંદ ઉલ્લાસ અને ખુશીઓનો તેમજ મોજ-મસ્તીનો અને ગરીબ અને જરૂરીયાતમંદોની તથા અબોલા પશુ-પંખીઓની યથાશક્તિ પ્રમાણે દાન ધર્માદો કરીને પૂણ્ય ઉપરાંત ઈશ્વરની કૃપાને પ્રાપ્ત કરવાનો રૂડો અવસર કહી શકાય પરંતુ આજની ૨૧ મી સદીમાં ટેક્નોલોજીના જમાનામાં માણસ પોતાની બે ઘડીની ખુશી અને મોજ મસ્તી માટે બધુ નેવે મૂકીને ભૂલીને ગુજરાત સરકાર દ્વારા પ્રતિબંધ હોવા છંતા પણ ધારદાર તિક્ષ્ણ ચાઈનીઝ દોરી ખરીદીને અબોલા પક્ષીઓ ના મોતનો સામાન ખરીદીને તેઓની જિંદગી સાથે ખેલ ખેલી રહ્યો છે, પક્ષીઓ જે આપણાં સૌ કોઈના ઘરના આગણાંની શોભા સમાન છે તે કુદરતે આપણને

આપેલી અમુલ્ય ભેટ છે જેઓ ના દ્વારા હરહમેશા આકાશ રંગબેરગી અને ખીલેલું જ રહે છે અને તેમના કલરવ વગર આપણા સૌ કોઈના ઘરનું આગણું તથા સવાર અને સાંજ અધુરા છે, તેમ છંતા માણસો દ્વારા અબોલા પક્ષીઓ ના જીવન સાથે ખીલવાડ થાય છે અને ધારદાર તિક્ષ્ણ દોરીથી ઘણાં અબોલા પક્ષીઓ ઘાયલ થાય છે અને મોતને ભેટે છે.

ધારદાર તિક્ષ્ણ દોરીથી ઘવાયેલા પક્ષીઓના બચાવ અને સારવાર માટે ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામનાં નવયુવાન જે નાની ઉંમરે ખુબ સારા સેવા કાર્યો કરનાર અને હમેશા માટે સેવાકિય પ્રવૃતિઓમાં અગ્રેસર રહેનાર જેવી કે શૈક્ષણિક સેવા, અબોલા પશુ-પંખીઓની સેવા, ગરીબ અને જરૂરીયાતમંદોની સેવા, રક્તદાન સેવા, પર્યાવરણને લગતી સેવા, વૃદ્ધ અને બેઘર નિરાધાર અને વિકલાંગ લોકોની સેવા વગેરે સેવાકીય સારા કાર્યોની સુગંધ ફેલાવનાર અને એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવનાર અને પોતાના માતા-પિતાનું અને ઠાકોર સમાજનું ગૌરવ તદઉપરાંત સોનીપુર ગામનું નામ રોશન કરનાર નરેશજી શનાજી ઠાકોર દ્વારા તારીખ – ૧૩/૦૧/૨૦૨૩ થી ૧૬/૦૧/૨૦૨૩ સુધી કુલ = ૪ દિવસ સુધી સોનીપુર, રૂપાલ, સરઢવ અને કોલવડા આ ૪ ગામોમાં "પક્ષી બચાવો" અને "દોરીના ગુંચળા જલાઓ" અભિયાન હેલ્પલાઈન શરૂ કરવામાં આવી હતી જેમાં જનની ગૌ શાળા-રૂપાલ, કરૂણા અભિયાન-ગાંધીનગર તથા હેપ્પી યુથ ક્લબ-ગાંધીનગર સંસ્થાઓના સહકાર દ્વારા સફળ બનાવામાં આવ્યું હતુ જેમાં અભિયાન દરમિયાન ઘાયલ થયેલા ૫-કબૂતર, ૧-મોર, ૧-ટીંટોડી નું રેસ્ક્યું કરવામાં આવ્યુ હતું અને સારવાર માટે જનની ગૌ શાળા-રૂપાલ ખાતે ખસેડીને પક્ષીઓને નવું જીવનદાન આપવામાં આવ્યું હતું.

વાશિમ ખાતે પાકિસ્તાનના ધ્વજ અને ઔરંગઝેબનું ચિત્ર ધરાવતા ફલકો ફરકાવ્યાનું પ્રકરણ !

ઔરંગ્યાનું ઉદાત્તીકરણ કરનારા પર કઠોર કાર્યવાહી કરવા માટે શાસને અધ્યાદેશ કાઢવો ! - હિંદુ જનજાગૃતિ સમિતિ

મંગળુરપીર, વાશિમ ખાતે બાબા હયાત કલંદર દર્ગામાં ઉર્સના નિમિત્તે કાઢવામાં આવેલા સરઘસમાં પાકિસ્તાનના ધ્વજ અને ક્રૂરકર્મા ઔરંગઝેબનું ચિત્ર ધરાવતા ફલકો હાથમાં લઈને નચાવવામાં આવ્યાં. આ ઘટનાનો હિંદુ જનજાગૃતિ સમિતિ તીવ્ર શબ્દોમાં નિષેધ વ્યક્ત કરે છે. કેટલાક ધર્માંધો જાણીજોઈને ઔરંગઝેબનું ઉદાત્તીકરણ કરીને રાજયની શાંતિનો ભંગ કરીને કાયદો અને સુવ્યવસ્થા બગાડવા માગે છે. આવા લોકો પર કઠોરતમ કાયદેસર કાર્યવાહી કરી શકાય, એ માટે શાસને પૂર્વલક્ષી પ્રભાવથી એક અધ્યાદેશ પારિત કરવો, તેમજ પાકિસ્તાનના ધ્વજ ફરકાવ્યા, તે પ્રકરણમાં સંબંધિતો પર દેશદ્રોહનો ગુનો પ્રવિષ્ટ કરવો, એવી માગણી હિંદુ જનજાગૃતિ સમિતિએ રાજયના મા. એકનાથ શિંદે પાસે

શ્રી. સુનીલ ઘનવટ

કરી છે. આ પ્રકરણમાં પોલીસે કેટલાક લોકોની ધરપકડ ભલે કરી હોય, તેમ છતાં આ રીતે ઔરંગઝેબનું ઉદાત્તીકરણ તેમજ પાકિસ્?તાનના ધ્વજ ફરકાવવા પાછળ કાંઈ ષડ્યંત્ર તો નથી ને, તેની પણ શાસને ઊંડાણપૂર્વક ચકાસણી કરવી. જે ઔરંગઝેબે છત્રપતિ શિવાજી મહારાજજીનું સુવર્ણસિંહાસન ફોડ્યું, હિંદુ મંદિરો તોડી નાખ્યા, હિંદવી સ્વરાજ્ય પર આક્રમણ કરીને જનતા પર અત્યાચાર કર્યા, છત્રપતિ સંભાજી મહારાજજીને હાલહવાલ કરીને મારી નાખ્યા, એવા હિંદુદ્વેષી ઔરંગઝેબનું ઉદાત્તીકરણ આ મહારાષ્ટ્ર કદાપિ સહન કરશે નહીં. કેટલાંક વર્ષો પહેલાં અફઝલખાનવધનું ચિત્ર લગાડવાથી ધાર્મિક ભાવનાઓ દુભાય છે, તેથી તે ચિત્ર પર પ્રતિબંધ મૂકનારો આદેશ તત્કાલીન ગૃહમંત્રીએ કાઢ્યો હતો. તેવી જ રીતે ઔરંગઝેબનું ઉદાત્તીકરણ રોકવા માટે શાસને કઠોર એવો શાસન આદેશ તરત જ કાઢવો, એવી અમારી માગણી છે. બાબા હયાત કલંદર દર્ગાના ઉર્સમાં આ વાંધાજનક પ્રકાર થયા પછી ત્યાંના મૌલવી-મુલ્લા અથવા દર્ગા ટ્રસ્ટે મોખરે થઈને આવી ઘટનાઓનો નિષેધ વ્યક્ત કર્યો નથી. તેને કારણે તેમનો આ પ્રકાર માટે ટેકો હતો કે કેમ ? તેની શોધ કરીને દર્ગાના ટ્રસ્ટ પર, તેમજ સંબંધિત મુલ્લા-મૌલવીઓ પર પણ કાયદેસર કાર્યવાહી કરવાની આવશ્યકતા છે. તેમજ સરઘસ માટે પૈસો કોણે પૂરો પાડ્યો, આ દર્ગાને કોના દ્વારા ફંડીંગ થાય છે અને ત્યાં હજી કાંઈ વાંધાજનક પ્રકાર તો થતા નથી ને, તેની ઊંડાણપૂર્વક ચોકસાઈ કરવાની આવશ્યકતા છે. આ ઘટનાનો નિષેધ કરનારા કેટલાક હિંદુત્વનિષ્ઠ સંગઠનો પર પોલીસે ગુનો પ્રવિષ્ટ કર્યો હોવાનું સમજાયું છે. આ ગુનાઓ તરત જ પાછા લેવામાં આવે. તેમજ તેમાંથી રાષ્?ટ્રપ્રેમીઓને હતોત્સાહિત કરનારા પોલીસો પર કાર્યવાહી કરવી જોઈએ, એવી અમારી માગણી છે.

આપનો નમ્ર,
શ્રી. સુનીલ ઘનવટ,
રાજ્ય સંગઠક, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ
હિંદુ જનજાગૃતિ સમિતિ,
(સંપર્ક : ૭૦૨૦૩૮૩૨૬૪)

સંજય રાઉત જમ્મુની મુલાકાત લેશેઃ કાશ્મીરી પંડિતોના ધરણામાં સામેલ થશે

મુંબઈ,તા.૧૭

શિવસેનાના ફાયરબ્રાન્ડ નેતા અને સાંસદ સંજય રાઉત ૧૯ જાન્યુઆરીના રોજ જમ્મુની મુલાકાત લેશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ટાર્ગેટ કિલિંગના ડરથી કાશ્મીરથી જમ્મુ ક્ષેત્રમાં ટ્રાન્સફર કરવાની પોતાની માંગણીના સમર્થનમાં વિરોધ કરી રહેલા કાશ્મીરી હિન્દુઓને મળશે. રાઉત ત્યાં કાશ્મીરી પંડિતોને પોતાનું સમર્થન આપશે. રાઉત પોતાના ૩ દિવસના પ્રવાસ દરમિયાન ૨૦ અને ૨૧ જાન્યુઆરીના રોજ ભારત જોડો યાત્રામાં જોડાશે. ત્યારબાદ તેઓ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (પીઓકે) અને પંજાબને એક જાહેર કરવા અંગે શીખ પ્રતિનિધિઓને પણ મળશે.

૧૯ જાન્યુઆરીના રોજ જમ્મુ-કાશ્મીરની મુલાકાત દરમિયાન શિવસેના સાંસદ સંજય રાઉત કાશ્મીરી પંડિતોને પોતાનું સમર્થન આપશે.

ટાર્ગેટ કિલિંગ વેઠી રહેલા કાશ્મીરી હિન્દુ ત્યાં લાબા સમયથી જમ્મૂમાં ટ્રાન્સફર કરવાની માંગણી કરી રહ્યા છે.

પ્રાર્થના એક અદૃશ્ય શક્તિ

પ્રાર્થના એટલે એક એવો આધ્યાત્મિક શુધ્ધ ભાવ કે જ્યાં જઈ માણસ શૂન્ય બની જાય. જેમાં સ્વાર્થ, ઈર્ષ્યા, નિંદાથી તદ્દન દૂર થઈ ઈશ્વરમાં એકાકાર થવાની ભાવના. ઈશ્વરે આપણને માનવ દેહ આપ્યો છે, તેથી તેને જ કર્તા હર્તા સમજવા . આ સૃષ્ટિ ને ચલાવનાર જે શક્તિ છે, એ આ પંચમહાભૂતથી બનેલ શરીરને ચલાવનાર, તેમાં પ્રાણ પૂરનાર, તેને ઉત્કૃષ્ટ જીવન આપનાર, તેને શ્વાસ ઉચ્છ્વાસ સુધીની પ્રક્રિયાથી માંડીને, ખાવા, પીવા, પચાવવા સુધીની જવાબદારી નિભાવે છે. જેની પાછળ એનો અદૃશ્ય હાથ રહયો છે એમની દિલથી કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ પ્રાર્થના , પ્રાર્થના એટલે કે દિલથી આપણી પાસે ઈશ્વરને બોલાવવા ને ધ્યાન એટલે આપણે ઈશ્વરને મળવા જવું.

સાચી પ્રાર્થના માં આજીજી નહીં હોય પરંતુ કૃતજ્ઞતા ભાવ હોય , આભાર વ્યક્ત થતો હોય.

ખરેખર પ્રાર્થનાનો વિષય અજોડ છે. હંમેશા ખુશ રહેવું એ પણ એક પ્રાર્થના જ છે કેમકે ફરિયાદો વગરનું જીવન ઈશ્વરને ગમે. જીવનમાં રડ્યાં વિના, દુઃખી થયાં વિના, જે કંઈ મળ્યું છે એની કિંમત કરવી. તેથી લોભ, લાલચ, મોહ, દંભથી વિરુદ્ધ એવી શુદ્ધ નિયત , આત્મસંતોષ એ પ્રાર્થના.

વર્તમાન સમયમાં પ્રાર્થનાની વ્યાખ્યા જ આપણે બદલી નાંખી છે. આપણે ઈશ્વર પાસે બેસી જીવનની આજીજી કરીએ. એ પણ ઘણું ખરું મેળવવા માટે જ. જે ઈચ્છીએ એ મળવું જ જોઈએ એવી અપેક્ષાઓ સાથે નમીએ, નતમસ્તક થઈએ, કેટકેટલી માનતાઓ રાખીએ અને ન ફળે ત્યારે નિરાશ થઈએ ત્યારે તો ઈશ્વર પણ બદલી કાઢીએ શું આ પ્રાર્થના છે?

સાચી પ્રાર્થના શું છે? એ એક એવું પવિત્ર ઝરણું છે કે એ પવિત્ર ભાવ સાથે આપણે ઈશ્વર તરફ પ્રયાણ કરીએ છીએ. ઈશ્વર પાસે નિઃસ્વાર્થ ભાવે બેસી જે કંઈ પણ મળ્યું છે, એમાં એમનો આભાર વ્યક્ત કરવો એ પ્રાર્થના અને પોતાની પ્રાર્થનામાં બીજાનું ભલું ઇચ્છવું, કોઈને દુઃખી જોઈ અંતરમાં વેદના થાય અને એ જ ક્ષણે થયેલ ઈશ્વર ને ભલામણ ,એ જ પ્રાર્થના.

પ્રાર્થનામાં એટલી શક્તિ છે કે દૂર રહેતાં સ્વજન મુશ્કેલીમાં હોય , ત્યારે સાચા હૃદયથી ઈશ્વરને પ્રતિદિન પ્રાર્થના કરીએ તો એ નિઃસ્વાર્થ પવિત્ર પ્રાર્થના ઈશ્વરે સાંભળવી જ પડે .

જે આપણને પ્રેમ કરે છે, જેની સાથે આપણે લાગણીથી જોડાયેલા છીએ, એમની પ્રાર્થના ઈશ્વર જલ્દી સાંભળે છે. જેમ કે આપણાં માતા પિતા, તેઓ જ્યારે જ્યારે આપણે તકલીફ માં હોઈએ ત્યારે ઈશ્વર પાસે આપણી તંદુરસ્તી માટે, આપણી સફળતા માટે,આપણા આનંદ મય જીવન માટે હંમેશા પ્રાર્થના કરતાં હોય છે અને એ ફળે પણ છે. ભલે તેમનાંથી દૂર રહેતાં હોઈએ ,એ જ તો પ્રાર્થનાની શક્તિ છે. એટલે માતાપિતાનાં આશીર્વાદ થકી પ્રાર્થનાની શક્તિ વધુ પ્રબળ બનતી હોય છે. પ્રાર્થના એવી અદૃશ્ય શક્તિ છે જે આપણને સતત ઉર્જાથી ભરેલી રાખે છે, ક્ષણે ક્ષણ આપણી રક્ષા કરે છે, આપણી તંદુરસ્તીની જવાબદારી નિભાવે છે જેમ એક માતા પિતા સાચવે છે . એ જ રીતે આ સૃષ્ટિનાં સર્જનહાર આપણને સાચવતાં હોય છે, ભલે ગમે તેવો બાળક હોય માતા પિતા હંમેશા સંતાન માટે ઢાલ બનીને રક્ષા કરતાં હોય છે,એટલે માતા પિતાને ઈશ્વર કહેવાય છે કેમકે દરેક જગ્યાએ ઈશ્વરને પહોંચવું શક્ય ન પણ હોય, પરંતુ માતા પિતા બાળક માટે અડીખમ રહેતાં હોય છે અને જો માતા પિતાનાં શુભ આશિષ માથે હોય તો પ્રાર્થના જલ્દી ફળે. તેથી જ આપણે રોજ સવારે પ્રાર્થના કરી ઈશ્વર સમર્પિત રહેવું જોઈએ. જીવનમાં દરેક ક્ષણે ઈમાનદાર રહેવું જોઈએ. કહેવાય છે ને કે, જે દરેક નું સારું ઈચ્છે તેનું સારું જ થાય, કેમકે એક વિશ્વાસ,એક ઉદાર ભાવ જીવનમાં સ્થિર થઈ ગયો હોય છે. ઈશ્વર ની સતત અનિમેષ દ્રષ્ટિ આપણી પર વરસતી જ હોય છે અને આપણાં સારાં કર્મો, પ્રફુલ્લિત જીવન જ આપણને એમની નજીક લઈ જાય છે.પ્રાર્થના જ એક માધ્યમ છે ઈશ્વર પ્રત્યેનાં વિશ્વાસના જોડાણ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

કીમતી ધાતુઓમાં પોરો ખાતી તેજીઃ સોનાના વાયદામાં રૂ.૧૩૨ અને ચાંદીમાં રૂ.૪૮૧ની નરમાઈ

ક્રૂડ તેલના વાયદામાં બેરલદીઠ રૂ.૮૦ની વૃદ્ધિઃ નેચરલ ગેસમાં સુધારોઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૬૭૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૨૪૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૩,૪૦૦ સોદાઓમાં કુલ રૂ.૧૯,૯૩૧.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૬૬૯.૬૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨,૨૪૨.૫૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૫૨૯ સોદાઓમાં કુલ રૂ.૪,૬૭૪.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૪૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૫૨૧ અને નીચામાં રૂ.૫૬,૩૧૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૨ ઘટી રૂ.૫૬,૩૫૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૬ ઘટી રૂ.૪૪,૭૭૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૫,૫૬૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૨૩૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૧ ઘટી રૂ.૫૬,૨૯૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૬૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૮૪૯ અને નીચામાં રૂ.૬૯,૨૭૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮૧ ઘટી રૂ.૬૯,૩૦૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૨૩ ઘટી રૂ.૬૯,૩૨૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૧૧ ઘટી રૂ.૬૯,૩૩૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૫૬૯ સોદાઓમાં રૂ.૧,૪૮૨.૦૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૨૧.૩૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૮૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૭૬૬.૩૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૯૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૭૫૭ સોદાઓમાં કુલ રૂ.૧,૪૯૪.૯૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૮૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૪૩ અને નીચામાં રૂ.૬,૪૫૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૦ વધી રૂ.૬,૫૩૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૬૦ વધી રૂ.૩૧૧.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૧૯ સોદાઓમાં રૂ.૧૮.૩૨ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૭.૯૦ ઘટી રૂ.૧૦૧૫.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૩૫.૨૫ કરોડનાં ૪,૬૬૧.૫૬૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૦૩૯.૧૧ કરોડનાં ૨૯૨.૯૩૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૮૩.૫૧ કરોડનાં ૧૦,૪૮,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૧૧ કરોડનાં ૨૬૭૫૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૮.૩૨ કરોડનાં ૧૭૭.૮૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૫૯૫.૪૬૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૪૬.૭૬૨ ટન, ક્રૂડ તેલમાં ૭૩૫૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૪૬૫૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૯૬.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૯.૫૨ કરોડનાં ૨૪૯ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૬૭૫ના સ્તરે ખૂલી, ૪૧ પોઈન્ટ ઘટી ૧૫,૬૬૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૨૪૨.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૩૯.૦૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૯.૯૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૩૬૯.૧૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૩૦.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૭.૨૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮.૩૦ અને નીચામાં રૂ.૨૪.૮૦ રહી, અંતે રૂ.૨૫.૯૦ વધી રૂ.૬૩.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪.૧૫ અને નીચામાં રૂ.૧૯.૨૦ રહી, અંતે રૂ.૬.૨૦ વધી રૂ.૨૩.૭૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૯ અને નીચામાં રૂ.૧૩૦.૫૦ રહી, અંતે રૂ.૪૩.૫૦ ઘટી રૂ.૧૩૬.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૧ અને નીચામાં રૂ.૧૩૪.૫૦ રહી, અંતે રૂ.૨૯.૫૦ ઘટી રૂ.૧૪૬ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૯૨ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૭૭ અને નીચામાં રૂ.૧,૭૩૦ રહી, અંતે રૂ.૧૮૪ ઘટી રૂ.૧,૭૬૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૨.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૨.૧૦ અને નીચામાં રૂ.૨૭ રહી, અંતે રૂ.૪૮.૩૦ ઘટી રૂ.૩૨.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫.૧૫ અને નીચામાં રૂ.૧૨ રહી, અંતે રૂ.૫.૧૦ ઘટી રૂ.૧૨.૪૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૫ અને નીચામાં રૂ.૧૭૫ રહી, અંતે રૂ.૩૫.૫૦ વધી રૂ.૨૨૦.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦ અને નીચામાં રૂ.૩૪ રહી, અંતે રૂ.૭ વધી રૂ.૪૧.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૪૧૮.૫૦ અને નીચામાં રૂ.૧,૨૧૦ રહી, અંતે રૂ.૧૩૪ વધી રૂ.૧,૪૦૨.૫૦ થયો હતો.

ઐશ્વર્યા રાય બચ્ચને નથી ભર્યો ટેક્સ, ઘરે પહોંચી નોટિસ

મુંબઈ,તા.૧૭

બોલિવુડની જાણીતી એક્ટ્રેસ ઐશ્વર્યા રાય બચ્ચનની કોઈને ઓળખાણ આપવાની જરૂરિયાત નથી. પોતાની શાનદાર એક્ટિંગ અને સુંદરતા માટે ઐશ્વર્યા રાયનું નામ મોટા ભાગે ચર્ચામાં રહે છે, પરંતુ હાલમાં ઐશ્વર્યા રાય તેના નામે બાકી ટેક્સને લઈને ચર્ચામાં આવી છે. એવા સમાચાર મળી રહ્યા છે કે ઐશ્વર્યા રાય બચ્ચનની જમીન પર બાકી ટેક્સને ધ્યાનમાં લઈને નાસિકના તાલુકાધિકારીએ એક્ટ્રેસ વિરુદ્ધ નોટિસ મોકલી છે. તો ચાલો આ આ આર્ટિકલમાં જોઈએ કે, ઐશ્વર્યા રાય બચ્ચને આખરે કેટલો ટેક્સ ચૂકવવાનો બાકી છે.

બોલિવુડની સુંદર અને ટેલેન્ટેડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાય બચ્ચન ટેક્સ ન ચૂકવવાની બાબતને લઈને ચર્ચામાં છે. રિપોર્ટ્સ મુજબ, ઐશ્વર્યા રાય બચ્ચને તેની જમીન પર બાકી ટેક્સ જમા ન કરાવવાના કારણે નાસિકના તાલુકાધિકારીએ નોટિસ મોકલી છે. ઐશ્વર્યા રાય બચ્ચનને નોટિસ સિન્નર (નાસિક) તાલુકાધિકારી તરફથી મોકલવામાં આવી છે. રિપોર્ટ્સ છે કે નાસિકના સિન્નરના અદવાડી શિવરાતમાં એક્ટ્રેસની જમીન છે. આ જમીનનો એક વર્ષનો ટેક્સ બાકી છે જ ૨૧,૯૬૦ રૂપિયા છે. જેને એક્ટ્રેસે જમા કર્યો નથી.

આ બાકી ટેક્સના કારણે તાલુકાધિકારીએ ઐશ્વર્યા રાય વિરુદ્ધ નોટિસ જાહેર કરી છે. નોટિસ ૯ જાન્યુઆરીના રોજ જાહેર કરવામાં આવી હતી અને ઐશ્વર્યા રાય બચ્ચનને મળી કે નહીં તેની બાબતે કોઈ જાણકારી ઉપલબ્ધ નથી. કહેવામાં આવી રહ્યું છે કે, ઐશ્વર્યા રાય પાસે સિન્નરના થાનગાંવ પાસે અદવાડીના પર્વતીય વિસ્તારમાં લગભગ ૧ હેક્ટર જમીન છે. રિપોર્ટ્સ સામે આવી રહ્યા છે કે ઐશ્વર્યા રાય પર આ જમીનનો એક વર્ષનો ટેક્સ બાકી છે. ઐશ્વર્યા સાથે જ ૧,૨૦૦ અન્ય સંપત્તિના માલિકોને પણ ટેક્સ બાકી માટે નોટિસ આપવામાં આવી છે.મહેસૂલ વિભાગ દ્વારા આ કાર્યવાહી માર્ચના અંત સુધી, વસૂલીના લક્ષ્યને પૂર્ણ કરવા માટે કરવામાં આવી છે.

ઓટીટી પ્લેટફોર્મ પર શરતો સાથે 'પઠાણ' ફિલ્મને રિલીઝ કરાશે : દિલ્હી હાઈકોર્ટનો આદેશ

મુંબઈ,તા.૧૭

તાજેતરમાં જ રિલીઝ થયેલા 'પઠાણ'ના ટ્રેલરે તમામને ચોંકાવી દીધા. ફિલ્મમાં દરેકનો લુક ચોંકાવનારો હતો. દીપિકા પાદુકોણ અને શાહરુખ ખાનથી લઈને જોન અબ્રાહમ અલગ જ અંદાજમાં જોવા મળ્યા. કુલ મળીને ટ્રેલરને ખૂબ પસંદ કરવામાં આવ્યુ. હવે ફિલ્મની ઓટીટી રિલીઝને લઈને અપડેટ સામે આવી રહ્યુ છે. પઠાણને ઓટીટી પર શરત સાથે રિલીઝ કરવામાં આવશે. કોર્ટે આને લઈને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

દિલ્હી હાઈકોર્ટે પઠાણમાં અમુક પરિવર્તન કરવાના આદેશ આપતા કહ્યુ કે ફિલ્મમાં પરિવર્તન કરવામાં આવે જેથી ઓટીટી પ્લેટફોર્મ પર દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત પણ ફિલ્મ માણી શકે. હાઈકોર્ટે પરિવર્તન કર્યા બાદ સીબીએફસી પાસેથી બીજીવાર સર્ટિફિકેટ લેવા માટે કહ્યુ છે. કોર્ટે નિર્માતાઓને ૨૦ ફેબ્રુઆરી સુધી રિપોર્ટ દાખલ કરવાના આદેશ આપ્યા છે. સીબીએફસીને ૧૦ માર્ચ સુધી નિર્ણય કરવાનું કહ્યુ છે. જોકે, થિયેટરોમાં રિલીઝને લઈને કોર્ટે કોઈ આદેશ આપ્યા નથી.

રિપોર્ટ અનુસાર શાહરુખ ખાને ફિલ્મ માટે મોટી ફી લીધી છે. શાહરુખ ખાને પઠાણ ફિલ્મમાં કામ કરવા માટે ૧૦૦ કરોડ રૂપિયા લીધા છે. દીપિકા પાદુકોણે ફિલ્મમાં કામ કરવા માટે ૧૫ કરોડ રૂપિયા લીધા છે.

કાશ્મીરથી લઈને ગુજરાત સુધી ઠંડીના તૂટતા રેકોર્ડ, રાજ્યના ૮ જિલ્લામાં સિંગલ ડિજીટમાં ઠંડીનો પારો પહોંચ્યો

આ શિયાળામાં ઠંડી મોડી શરૂ થતા લોકોને ફરિયાદ હતી. મોડી શરૂ થયેલી ઠંડીએ લોકોની ફરિયાદ તો દૂર કરી દીધી, પણ સાથે જ હાલાકી પણ વધારી છે...

નવીદિલ્હી,તા.૧૭

ઉત્તર ભારતમાં ઠંડી સતત નવા રેકોર્ડ તોડી રહી છે. મેદાની ભાગોમાં કાતિલ ઠંડીમાં લોકો ઠુંઠવાઈ ગયા છે, તો પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાએ માઝા મૂકી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તો તાપમાન માઈનસમાં આવી ગયું છે, જ્યારે ગુજરાતનાં નલિયામાં તાપમાન શૂન્ય ડિગ્રીની નજીક પહોંચી ગયું છે. સામાન્ય રીતે જાન્યુઆરીના મધ્યમાં ઉત્તર ભારતમાં ઠંડીનું જોર ઘટવાની શરૂઆત થતી હોય છે. જો કે આ વર્ષે ચિત્ર ઉંધુ છે. ઉત્તરાયણથી હવામાન વધુ કાતિલ બની રહ્યું છે. જમ્મુ કાશ્મીરથી લઈને ગુજરાત સુધી ઠંડી જૂના રેકોર્ડ તોડી રહી છે. ગુજરાતમાં ફરી એકવાર કાતિલ ઠંડીથી લોકો ઠુંઠવાયા છે. કચ્છના નલિયામાં ૨, ગાંધીનગરમાં ૫.૩ ડિગ્રીએ ઠંડીનો પારો પહોંચ્યો છે. તો હિમાચલના શિમલા અને જમ્મુ કાશ્મીરના શ્રીનગરની ઠંડી કરતા પણ નીચે ગયો છે. માઉન્ટ આબુમાં તાપમાનનો પારો માઈનસ ૬ ડિગ્રીએ પહોંચતા બરફની ચાદર પથરાઈ છે.

વાત ગુજરાતની કરીએ તો રાજયમાં ઠંડીએ ઉત્તરાયણ પછી પણ રાહત નથી આપી. હજુ પણ ગુજરાત ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યું છે. આ સપ્તાહે ઠંડીથી રાહત મળવાની શકયતા ઓછી છે. ૧૫ જાન્યુઆરીએ રાજયનું લઘુત્તમ તાપમાન ૮.૩ ડીગ્રી અને મહત્તમ તાપમાન ૨૪ ડીગ્રી નોંધાતાં લોકોને દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી. હવામાન વિભાગે કચ્છમાં કોલ્ડ વેવની આગાહી કરી છે. ૧૬મીએ રાજયના ૮ જિલ્લામાં સિંગલ ડીજિટમાં તાપમાન નોંધાયું છે. કચ્છના નલિયામાં તાપમાન ૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૫.૩ ડિગ્રી સુધી પહોંચી ગયું..અમદાવાદમાં સીઝનનું સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. રાજકોટ, ભુજ અને ડીસામાં પણ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે છે.

ઠંડી વધતા હવે અમદાવાદનાં બગીચાઓમાં કસરત કરવા આવતા લોકોની સંખ્યા પણ ઘટી રહી છે. કાતિલ ઠંડીથી હવે કચ્છમાં પણ માઉન્ટ આબુ જેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. અબડાસાના નાની વમોટીમાં બરફની ચાદર પથરાઈ ગઈ. બાઈકની સીટ પર બરફ જામી ગયો. જમ્મુ કાશ્મીરમા ભારે બરફ વર્ષા થઈ રહી છે ત્યારે રાજયભરમા તાપમાન નીચું રહ્યું છે ત્યારે ભારે ઠંડીના લીધે રણ વિસ્તાર નજીક આવેલા કચ્છના રાપર તાલુકાના અનેક ગામોમાં વહેલી સવારે ઠંડીના લીધે હિમપાત થયો છે જેના લીધે બીજા દિવસે પણ ખેતરમાં રવિ પાક પર બરફ જામી ગયો હતો તો ઝાકળના લીધે વાસણો પર પણ બરફ જામી ગયો હતો ખેંગારપર ડાવરી સહિતના ગામોમા બરફ જામેલો હોવાનું ખેડુતોએ જણાવ્યું હતું.

જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડના પર્વતીય ભાગોમાં સતત હિમવર્ષા થતા મધ્ય ભારત સુધીના મેદાની ભાગોમાં બર્ફિલા ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે ઉત્તર ભારતને ઠંડીથી રાહત અપાવતો પશ્ચિમિ વિક્ષોભ નબળો પડ્યો છે. તેનું પરિણામ એ આવ્યું છે કે મોટાભાગનાં ક્ષેત્રોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૮.૪ ડિગ્રી નોંધાયું છે. યુપીમાં ૧૯ જાન્યુઆરી સુધી ભીષણ ઠંડીની આગાહી છે. રાજ્યમં તાપમાનનો પારો ૨ ડિગ્રી સુધી નીચે જઈ શકે છે. રાયબરેલી, લખનઉ, ઝાંસી, કાનપુર, ગોરખપુર સહિતનાં પૂર્વાંચલના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. ૧૯ જાન્યુઆરી સુધી કેટલાક ભાગોમાં કોલ્ડ ડેની સ્થિતિ જોવા મળી શકે છે. બિહારમાં પટના સહિતનાં ૧૧ જિલ્લામાં તાપમાન શૂન્યની નજીક પહોંચી ગયું છે.

ઉત્તરાખંડમાં શીતલહેર વચ્ચે સતત પાંચ દિવસથી હિમવર્ષા થઈ રહી છે. પર્વતીય ભાગો પર બરફના થર પથરાઈ ગયા છે, તો મેદાની ભાગોમાં કાતિલ ઠંડી વચ્ચે વરસાદે લોકોની હાલાકી વધારી છે. બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીમાં હિમવર્ષા થઈ રહી છે. જો કે હિમવર્ષા વચ્ચે પર્યટકોને મજા પડી ગઈ છે.

હિમાચલ પ્રદેશમાં બે દિવસ સુધી સતત હિમવર્ષા બાદ હિમવર્ષાએ બ્રેક લીધો છે. જો કે ૧૮ અને ૧૯ જાન્યુઆરીએ હિમવર્ષાનો નવો રાઉન્ડ શરૂ થઈ શકે છે. હિમાચલમાં હિમવર્ષાથી જનજીવન પ્રભાવિત થયું છે...ચાર નેશનલ અને બે સ્ટેટ હાઈવે સહિત ૨૭૬ રસ્તા બંધ છે. શુક્રવારે લાહૌલ સ્પિતીમાં ભારે ભરખમ હિમખંડ તૂટી પડ્યો હતો. આ સ્થિતિ વચ્ચે પણ શિમલા અને મનાલી સહિતનાં પર્યટન સ્થળો પર પર્યટકો બરફ વચ્ચે મજા માણી રહ્યા છે. તો આ તરફ જમ્મુ કાશ્મીરમાં પણ સતત હિમવર્ષા થઈ રહી છે. હવામાન વિભાગે લોકોને હિમવર્ષાથી બચીને રહેવાની ચેતવણી આપી છે, કેમ કે ૧૮ જાન્યુઆરી સુધી પરિસ્થિતિ આવી જ રહેવાની આગાહી છે. સતત હિમસ્ખલનથી જોખમ વધ્યું છે, ૧૨ જિલ્લામાં હજુ હિમસ્ખલનની આગાહી છે. કાશ્મીર ખીણમાં લઘુત્તમ તાપમાન માઈનસમાં અને મહત્તમ તાપમાન પથી ૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

શ્રીનગર અને કાશ્મીર ખીણમાં બે દિવસથી થઈ રહેલી હિમવર્ષાએ લોકોની મુશ્કેલી વધારી દીધી છે. કાશ્મીરને દેશના અન્ય ભાગો સાથે જોડતાં હાઈવે પર ટ્રાફિક પ્રભાવિત થયો છે. કાશ્મીર ખીણમાં પણ ઘણી જગ્યાએ વાહનવ્યવહારને રોકવો પડ્યો છે. તો આ તરફ રાજસ્થાનમાં પણ ઠંડીનો જુલમ જારી છે. ઠંડી નવા રેકોર્ડ સર્જી રહી છે. પાંચ દિવસ માટે રાજ્યનાં ૧૬ શહેરોમાં શીતલહેર માટેનાં યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયા છે.

આ દરમિયાન તાપમાનમાં ૩થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. માઉન્ટ આબુમાં ઠંડીનો ૨૩ વર્ષ જૂનો રેકોર્ડ તૂટી ગયો છે.

ત્રિલોક કંડોળીયા 'ખાખી' સૂરત

કેમ છો કહે કોઈ
કેમ છો કહે કોઈ તો દર્દ ક્યાં મટે છે?
અવાજ જો ઔષધ બને, દર્દ તો ઘટે છે.
વધતી ઉમરના થોડા ઘાવ વહમાં હોય છે,
એકાંતના એકાંતમાં મન રિહાતા હોય છે,
સમણે જો તારી હાજરી રાત જટ હટે છે,
અવાજ જો...
હું ઢાલ ક્યાં કહું છું તુ વ્હાલ પૂરા કરને,
જખ્મો ભલેને ખટકે તુ શ્વાસ પૂરા કરને,
એંધાણ તારા જોઈને ધ્યાન ક્યાં હટે છે,
અવાજ જો...
સઘળું ગુમાવી બેઠો મળવાની આશ રાખું,
જખ્મો અમુક તારાં સોગાત જેમ રાખું,
ખભો દબાવી બોલે રાજીપો ક્યાં ખૂટે છે?
અવાજ જો...
ઈશ્વરને જો હું ખોળું યારોની ફૌજ ભાળું,
પીડા ભલે જગતની દુઃખને ઘડીક વાળું ,
જીવતા કરું જગતીયુ પછી હાજરી ઘટે છે,
અવાજ જો...
-ત્રિલોક કંડોળીયા 'ખાખી' સૂરત

પ્રતિક્ષણ જીંદગી પ્રારબ્ધને પડકાર ફેંકે છે,
લકીરો જે પડી તે હાથમાં લલકારતી રહે છે.
જન્મની કુંડળી આખી અમસ્તી આશ આપે છે,
ફક્ત પુરુષાર્થ ની પોથી જીવનને ઘાટ આપે છે.
અનુભવની કિતાબોમાં તો મહેનત સાથ આપે છે,
કરો સત્કર્મ તો સાચે જ કિસ્મત દાદ આપે છે,
છે બેઠો આપવાવાળો ક્ષુધા ભરપૂર પોષે છે,
ને આ માનવી ખોબા વડે દરિયો ઉલેચે છે.
'ભીતર' ની આગ સૌ ભીનાશને અદૃશ્ય રાખે છે,
છતાં વિશ્વાસ ઈશ્વર પર સદા ઉત્તિષ્ઠ રાખે છે.
- નીતિન શાહ. 'ભીતર...' (અમદાવાદ)

માટીની મહેકથી મહેકતું મારું ગામડું
પરિવહનનું સુંદર શોભતું મારું ગામડું
બારણું તો એકાદ ખખડાવી તો જુઓ
આવકારનો મીઠો આપતું મારું ગામડું
સત્ય અહિં જ છે ઝરણાંને પૂછી જુઓ
સંસ્કૃતિ -સભ્યતા ભરેલું મારુ ગામડું
બે જ બાબતોની ઓળખ એની છે કાયમી,
'જિગ્નેશ'- ખેતી -પશુપાલન કાજે ઓળખાતું મારું ગામડું
જિગ્નેશ પટેલ (ભરૂચ)

પ્રેમના માહોલમાં
બંદગીમા એ ખુદાની જો હતો હું ન્યાલમાં,
નાસમજ તો ના હતો પણ જો હતો હું ખ્યાલમાં.
લાભહાનીની ખબર ક્યાં ઓટલો આ રામનો,
આ અલખના ધામમાં ભૂલ્યો જમાનો હાલમાં.
એક આશા આ અમર છે,આવશે તે ધ્યાનમાં,
મન હવે ચાલાક ના બન આવું નહીં હું ચાલમાં.



જોરથી દાબી ગયા પણ વાત મારી સત્ય છે,
જો પછી ઉગીને રહેશે બીજ છે,એ ફાલમાં.
આ સમજમાં આવજે કે કામ ખોટાં થાય ના,
નામના બાવા તણીને જાય પાછાં જેલમાં.
વૈભવી જીવન અભિગમ આપણે શા કામમાં,
કર ફકીરી લૂંટ લ્હાવા પ્રેમના માહોલમાં.
જતીન પરમાર'અભિગમ' (ભરૂચ)

નાના દલાલોને પકડીને કામ નહીં ચાલે

મોટી માછલીઓ પર કાર્યવાહી કરો', પેપર લીક મામલે પાયલોટે ગેહલોત પર સાધ્યુ નિશાન

જયપુર,તા.૧૭

રાજસ્થાનમાં આ વર્ષે ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણી માટે પ્રદેશ કોંગ્રેસના ચિંતનશિબિરનો આજે બીજો દિવસ હતો. મુખ્યમંત્રી અશોક ગેહલોત કોંગ્રેસની છાવણીમાં પોતાના ચાર વર્ષના કામનું પ્રેઝન્ટેશન આપ્યો હતો ત્યારે બીજી તરફ સચિન પાયલટ ખેડૂત સંમેલન યોજવાની સાથે ગેહલોત પર સવાલો ઉઠાવી રહ્યા છે.નાગૌરની કિસાન રેલીમાં સચિન પાયલોટનું સમગ્ર ધ્યાન યુવાનો અને ખેડૂતો પર હતું જ્યારે નિશાન ભાજપ પર હતું પરંતુ ઈશારામાં સચિન પાયલટે પેપર લીક કેસના બહાને અશોક ગેહલોતની સરકારને ઘેરી હતી. સચિન પાયલટે કહ્યું કે, જ્યારે પેપર લીક થાય છે ત્યારે મહેનતુ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારની નિરાશાને જોઈ નથી શકાતી. તેમણે કહ્યું કે સરકાર નાના દલાલોને પકડી રહી છે તેનાથી કામ નહીં ચાલે મોટી માછલીઓ પર કાર્યવાહી થવી જોઈએ.ગેહલોતના ચિંતન શિબિરમાં તેમના ઘણા મંત્રીઓ પણ પહોંચ્યા ન હતા. જે સમયે અશોક ગેહલોત જયપુરમાં ચિંતન કરી રહ્યા હતા તે સમયે સચિન પાયલટ નાગૌરમાં કિસાન સંમેલન યોજી રહ્યા હતા અને અશોક ગેહલોતના મંત્રી હેમારામ પણ મંચ પરથી સચિન પાયલટની સાથે યુવાનોને નેતૃત્વ

૫૦% પગાર અને નિવૃત્તિના લાભો આપવા નામદાર મજૂર અદાલત વડોદરા નો આખરી આદેશ

ગુજરાત સરકારશ્રીના તાબા હેઠળ ચાલતી જળ સંપતિ સંશોધન વર્તુળ તથા કાર્યપાલક ઈજનેર અમદાવાદના તાબા હેઠળ વડોદરા મુકામે આવેલ સરિતા માપક ની કચેરીમાં મહીસાગર જિલ્લાના કામદાર કે આર માછીને સંસ્થાએ ગેરકાયદેસર રીતે લાંબા સમયની નોકરીમાંથી છૂટા કરતા તે કારણ ગેરકાયદેસર ઠેરવી તેઓને પડેલા દિવસોના ૫૦% પગાર અને નિવૃત્તિના લાભો આપવા નામદાર મજૂર અદાલત વડોદરા નો આખરી આદેશ

ગુજરાત સરકારશ્રી કચેરી અધિક્ષક જળસંપતિ સંશોધન અને કાર્યપાલક અમદાવાદ ના તાબા હેઠળની નાયબ કાર્યપાલક ઈજનેર સરિતા માપક પેટા વિભાગ કુબેર ભવન વડોદરા મુકામે મહીસાગર જિલ્લાના કાંતિભાઈ રામાભાઈ માછી જેવો તારીખ ૧૬/૪/૮૩થી તેમની ફરજ ઉપર હાજર થયા હતા ફરજ ના અરસા દરમ્યાન તેઓની કામગીરી વફાદારી તેમજ નિષ્કલંકી હોય નોકરીના અરસા દરમિયાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરી હોવાને કારણે તેઓને સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો આપવામાં આવતા હતા પરંતુ તેઓની નોકરીના અરસા દરમિયાન એકાએક બીમારીને કારણે રજા મૂકી હોસ્પિટલમાં સારવાર મેળવવા ગેરહાજર રહે ત્યારબાદ ફિટનેસ અંગેનું પ્રમાણપત્ર મેળવી ફરજ ઉપર હાજર થવા જતા તેઓને ફરજ પર હાજર કરવાની જગ્યાએ અગાઉ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય કે બચાવ પક્ષની તક આપ્યા સિવાય તેમની કાયમી ધોરણની નોકરી માંથી દફતરી આદેશ નંબર ૪૪૧/૧૨ થી તેઓને તારીખ ૨૬/૬/૧૨ ના રોજ ગેર કાયદેસર રીતે હુકમની બજવણી કરી નોકરીમાંથી છૂટા કરતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરતા ફેડરેશને અરજદારને થયેલા ન્યાય બાબતે બાબતે સરકારશ્રીના નિયત કરેલ અધિકારીઓને પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા બાબત નોટિસ પાઠવેલ પરંતુ તે બાબતે સરકારી અધિકારીઓ તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર ન મળતા આ આ વિવાદ વડોદરા ખાતેના મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ કન્સીલેશન દાખલ કરી પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃ કરવા કેસ કરેલ પરંતુ એ બાબતે કોઈ સુખદ સમાધાન ન થતા આ વિવાદ નામદાર મજુર અદાલત વડોદરા કોર્ટ નંબર ૪ માં રેફરન્સ કરવામાં આવતા અરજદાર નો કેસ કોર્ટ સમક્ષ દાખલ કરેલ જે વિવાદ ચાલી જતા નામદાર વડોદરા મજુર અદાલત ના માનનીય ન્યાયાધીશ શ્રી નારાયણ લાલ શર્મા સાહેબે કેસમાં પડેલા પુરાવા અને સરકારશ્રીના વકીલ તેમજ અરજદાર તરફે યુનિયન પ્રતિનિધિ એ.એસ ભોઈ દ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈ અરજદારની ૬૦ વર્ષની ઉંમર થવાને કારણે નિવૃત્તિનો સમય ગાળો પૂર્ણ થતો હોય તે કારણે અરજદાર કાંતિભાઈ માછીને નોકરીમાંથી છૂટા કરતા સમયે આઈડી એક્ટ કલમ ૨૫ એચ અને ૨૫ એફનો ભંગ કરી છુટા કરવાનુ કારણ દર્શાવી અરજદારને છૂટા કરવાનું પગલું ગેર વ્યાજબી ગેરકાનૂની ઠેરવી તેઓને નોકરીમાંથી છૂટા કર્યા તારીખથી પડેલા દિવસોના ૫૦ ટકા પગાર તથા હુકમ પ્રસિધ્ધિ ની તારીખથી ૬૦ દિવસમાં પગાર ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેના ઉપર ૯% બેક્રેબલ વ્યાજ ચૂકવવું અને નિવૃત્તિ ની તારીખથી તેઓને નિવૃત્તિના તમામ લાભો આપવાનો આખરી આદેશ કરવામાં આવતા ગરીબ અને આદિવાસી વિસ્તારના કામદાર અને તેના પરિવારમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન પ્રમુખ એ એસ ભોઈ કાલોલ જી પંચમહાલ

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા પશુ પક્ષી કલ્યાણ પખવાડિયું તા. ૧૪ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી સુધી ઉજવવાનું જાહેર કરાયું

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા પશુ પક્ષી કલ્યાણ પખવાડિયું તા. ૧૪ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી સુધી ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આ પખવાડિયા દરમ્યાન પશુ પક્ષી કલ્યાણ ક્ષેત્રે સંકળાયેલી સંસ્થા તેમજ વ્યક્તિઓને કેટલીક પ્રવૃતિઓ કરવા સૂચનો એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવ્યા છે. જેમકે,

ગૌ શાળા ચલાવનાર વ્યક્તિઓને ગૌ મૂત્ર અને ગોબરનાં મહતમ ઉપયોગ તેમજ બાયો ગેસ, પેસ્ટરીસાઈઝ્ડ અને ગૌ પ્રોડક્ટસ અને પંચગવ્ય મેડિસિનનાં ઉત્પાદનથી ગૌશાળાને આત્મનિર્ભર બનાવવા પ્રશિક્ષણ આપવું , એનિમલ બર્થ કંટ્રોલ અને એન્ટિ રેબિસ પ્રોગ્રામનું ગામડે ગામડે આયોજન કરી એ અંગે જાગૃતિ લાવવી, માંદા અને ઘવાયેલા અબોલ જીવોની સારવાર માટે જાગૃતિ અભ્યાન શરૂ કરવું તેમજ અબોલ પશુઓ જેવા કે રખડતાં કુતરાઓને 'એડોપ્ટ' કરવા અંગે પણ ઝુંબેશ ચલાવવી,

એનિમલ શેલ્ટર શરૂ કરવું અને વેટેરનીટી ડૉક્ટર નિમવા , પ્રાણી સંરક્ષણને લગતા કાયદાઓ અંગેના પેમ્પલેટ બનાવવા અને સતાધિશોને આપવા જેથી એનિમલ અંગેના કાયદો અંગે જાગરૂકતા આવે, પોતાના રહેણાંકની આસપાસ પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા કરવી ,

ઘવાયેલા પશુ પક્ષીની પ્રાથમિક સારવાર અંગેની જાણકારી આપવા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવું તેમજ પશુ પક્ષીઓ માટે મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવું , કતલખાના અંગેના નિયમો વિષે જાગરૂકતા ફેલાવવી સહિતના સૂચનોનો સમાવેશ થાય છે.

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના પ્રેસ એન્ડ પબ્લિકેશન રિલેશન કમિટીના સભ્ય મિતલ ખેતાણી એ એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના આ સૂચનોમાં સૌને સહભાગી થવા નમ્ર વિનંતી કરી છે.

તાપણું કરવા દરમિયાન પાટણમાં બે લોકો ગંભીર રીતે દાઝ્યા

પાટણ,તા.૧૭

ઠંડીથી બચવા તાપણું કરતા લોકો માટે લાલબતી સમાન કિસ્સો બન્યો છે. ઉત્તર ગુજરાતના રાધનપુરમાં તાપણું કરતા સમયે બે લોકો ગંભીર રીતે દાઝ્યાનો બનાવ બન્યો છે. નેશનલ હાઈવેની કામગીરી કરતા પ્લાન્ટ પર બે ઈસમો તાપણું કરતા સમયે દાઝ્યા હતા. તાપણું કરતા સમયે બંનેએ આગમાં કોઈ પદાર્થ નાખવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતં. જેથી તાપણું કરી રહેલ બે ઈસમો આગની લપેટમાં આવ્યા હતા. બંનેને રાધનપુર રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. ત્યાર બાદ વધુ સારવાર અર્થે મહેસાણા ખાતે રિફર કરાયા છે.

રાજયમાં કાતિલ ઠંડીનો કહેર યથાવત છે. આજે હવામાન વિભાગના લેટેસ્ટ આંકડા અનુસાર, નલિયામાં સૌથી ઓછું ૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો ડીસામાં ૭.૮ ડિગ્રી, પોરબંદરમાં ૮.૬ ડિગ્રી, ભૂજમાં ૮.૭ ડિગ્રી, રાજકોટમાં ૯.૪ ડિગ્રી અને અમદાવાદમાં ૯.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

વ્યાજખોરો સામે સપાટો,૧૪ દિવસના અંતે ૫૦૦ એફઆઈઆર, ૬૪૩ સામે ગુનો અને ૪૬૮ ની ધરપકડ

અમદાવાદ,તા.૧૭

વ્યાજખોરો સામે ગુજરાત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. રાજ્ય સરકારે કડક નિયમો બનાવ્યા છે, તેની સામે જોઈએ તો વ્યાજખોરીનું વૃક્ષ હવે વટવૃક્ષ બની ગયું છે. જેને સહેલાઈથી કાબૂમાં લેવું સરકાર માટે પણ આસાન નથી. ગુજરાત સરકાર દ્વારા આગામી ૧૦૦ દિવસમાં ગેરકાયદે વ્યાજ વસુલતા વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. પરંતુ હકીકત એ છે કે, ત્યા સુધી કેટલાય લોકો આત્મહત્યા કરી ચૂક્યા છે. ત્યારે સરકાર છેલ્લા ૧૫ દિવસથી વ્યાજખોરો સામે મુહિમ ચલાવી રહી છે. આખરે આ મુહિમ રંગ લાવી છે. સરકારે વ્યાજખોરો સામે ચલાવેલા મેગા ડ્રાઈવમાં ૧૪ દિવસના અંતે ૫૦૦ ફ્રૈઈ, ૬૪૩ સામે ગુનો અને ૪૬૮ ની ધરપકડ કરાઈ છે.

લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમને રૂપિયા આપતા વ્યાજખોરો હવે જીવલેણ બની રહ્યાં છે. વ્યાજખોરીના ખપ્પરમાં અનેક લોકો આત્મહત્યા કરી રહ્યાં છે. ત્યારે ગુજરાત સરકાર હવે આ મુદ્દે આક્રમક બની છે. ગુજરાતના અનેક મોટા શહેરોમાં લોકદરબારો યોજીને લોકોની ફરિયાદ લેવામાં આવી રહ્યાં છે. બે સપ્તાહમાં જ ૫૦૦થી વધુ વ્યાજખોરો સામે ફરિયાદ થઈ છે. જ્યારે ૬૪૩ લોકો સામે ગુના દાખલ થયા છે અને ૪૬૮થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

જામનગરમાં વ્યાજખોરો વિરુદ્ધ રેન્જ આઈજીનો લોક દરબાર ગઈકાલે યોજાયો હતો. રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવના અધ્યક્ષસ્થાને જામનગરના દરબારગઢ વિસ્તારમાં વ્યાજખોરો વિરુદ્ધ ભવ્ય લોક દરબાર યોજાયો હતો. જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલું દ્વારા લોક દરબારનું આયોજન કરાયું હતું. ખૂબ મોટી સંખ્યામાં આગેવાનો અને શહેરીજનો લોકદરબારમાં ઉપસ્થિત રહ્યા. વ્યાજખોરો વિરુદ્ધ કોઈપણ જાતના ભય વિના લોકો સામે આવે તેવી પોલીસે અપીલ કરી હતી.

રાજયમાં બેફામ બનેલા વ્યાજખોરોની હવે ખેર નથી. સરકારે આવા તત્વો સામે કાર્યવાહી માટે કમર કસી છે. પોલીસ એક સપ્તાહ માટે વ્યાજખોરો સામે રાજયવ્યાપી ઝુંબેશ શરૂ કરી રહી છે. જેના ભાગરૂપે પોલીસ સામે ચાલીને ફરિયાદીઓ પાસે જશે. વ્યાજખોરો સામે ફરિયાદ કરવા સરકારે લોકોને અપીલ પણ કરી છે. વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈને અનેક પરિવારો બરબાદ થઈ ચૂક્યા છે. આ અસામાજિક તત્વોના આતંકથી કંટાળીને ઘણા લોકોએ પોતાનું જીવન પણ ટૂંકાવ્યું છે. જો કે હવે મોડે મોડેથી પણ તંત્ર જાગ્યું છે. રાજ્ય સરકારે વ્યાજખોરો સામે કાર્યવાહી માટે ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશને સરકારે પોતાના પ્રથમ ૧૦૦ દિવસના એજન્ડામાં પણ સામેલ કરી છે.દેવું-વ્યાજના ખપ્પરમાં આત્મહત્યા કરનારાના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં દેવાના બોજને કારણે ૫૧૨ વ્યક્તિએ આત્મહત્યા કરી છે. જેના પગલે સરકાર હવે કાયદેસરની કાર્યવાહી કરવાના મૂડમાં છે. વ્યાજખોરો વ્યાજનું વ્યાજ લઈને મૂળ મૂડી કરતાં અનેકઘણી રકમ પડાવી લેતા હોય છે આમ છતાં એમની મૂળ રકમ તો ઉભી જ હોય છે.

આચાર્ય લોકેશજી અને ડો.બિન્નીએ લાયન્સ ક્લબ દિલ્હી વેજ દ્વારા આયોજિત 'વુમન પ્રેસ્ટિજ એવોર્ડ ૨૦૨૩' અર્પણ કર્યો

દીકરીઓ કોઈનાંથી ઓછી નથી, દરેક ક્ષેત્રમાં સફળતા મેળવી રહી છે - આચાર્ય લોકેશજી

ક્લબ મહિલાઓના સન્માન અને પ્રતિષ્ઠા માટે સતત પ્રયત્નશીલ છે - ડો ગૌરવ ગુપ્તાજી

લાયન્સ ક્લબ દિલ્હી વેજ દ્વારા મહિલાઓને સશક્ત બનાવવા અને કાચની ટોચમર્યાદા તોડીને ચમકતી બહાર નીકળેલી તેમની સિદ્ધિઓ અને સંઘર્ષને ઓળખવાના હેતુથી દિલ્હી યુનિવર્સિટીમાં અત્યાર સુધીની સૌથી મોટી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબે હંસરાજ કોલેજ ઓડિટોરિયમ, દિલ્હી યુનિવર્સિટી, નવી દિલ્હી ખાતે વુમન પ્રેસ્ટિજ એવોર્ડ ૨૦૨૩ની ત્રીજી આવૃત્તિનું આયોજન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ આચાર્ય ડૉ. લોકેશજી, ડૉ. બિન્ની સરીન, સાઉથવાર્કના લંડન બરોના મેયર શ્રી સુનિલ ચોપરા, દિલ્હી ટ્રાફિક પોલીસના અધિક કમિશનર ડૉ. મહેશ ભારદ્વાજ, કોલંબિયાના દૂતાવાસના સીડીએ - સુશ્રી અલેજાન્દ્રા મારિયા રોડ્રિગ્ઝ સિએરા, હોની. કોમોરોસના યુનિયનના કોન્સ્યુલ જનરલ એચ. આર. શ્રી કેએલ ગાંજુ, પેલેસ્ટાઈનના દૂતાવાસના કોન્સ્યુલર મિસ્ટર બાસેમ હેલિક્સ, ડો. રામા (પ્રિન્સિપાલ), બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી

સી.કે. ખન્ના, ડીડીસીએના ઉપાધ્યક્ષ શ્રીમતી શશી ખન્ના, શ્રીમતી નિશી સિંઘ, ઘણા બધા જ્યુરીઓમાં પેનલમાં ડૉ. નુપુર ધમીજા, શ્રીમતી તૃપ્તિ સોમાણી, સિંહ નવરતન અગ્રવાલ અને સિંહ ડૉ. પવન કંસલનો સમાવેશ થાય છે. ડૉ. ગૌરવ ગુપ્તા દ્વારા હાથ ધરવામાં આવેલી આ એક સુંદર પહેલ હતી જેઓ માનતા હતા કે 'રાષ્ટ્રનો વાસ્તવિક વિકાસ મહિલાઓના સશક્તિકરણમાં રહેલો છે'. નારી શક્તિ એક નવી પહેલ ફાઉન્ડેશનના સહયોગથી એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય ડો.લોકેશજીએ એવોર્ડ કાર્યક્રમના આયોજકોને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે મહિલાઓની પ્રતિભાનું સન્માન કરવું એ તેમના સન્માન અને ગૌરવની સાથે મહિલા સશક્તિકરણ માટે ખૂબ જ સારી પહેલ છે, જે એક સ્વસ્થ સમાજ અને સ્વસ્થ માનસિકતાનું નિર્માણ કરે છે. દીકરીઓને શિક્ષિત કરો, મહિલાઓને લઈને સમાજમાં ફેલાયેલી બદીઓનો અંત લાવવાના મુદ્દા સાથે તેમણે કહ્યું કે, સ્ત્રી ભ્રૂણ હત્યા, એસિડ એટેક અને મહિલાઓના શોષણ જેવા જઘન્ય કૃત્યો પર અંકુશ લાવી શકાય ત્યારે જ મહિલાઓનો ઉત્કર્ષ શક્ય છે. આચાર્યજીએ કહ્યું કે વર્તમાન સમયમાં દીકરીઓ કોઈથી ઓછી નથી. ભારતીય આર્મી, એરફોર્સ,"છજી, રાજનીતિ, દવા સહિત દરેક ક્ષેત્રમાં દીકરીઓ નામ કમાઈ રહી છે. પુરસ્કારો એવિએશન, આંત્રપ્રિન્યોરશિપ, એજ્યુકેશન, હેલ્થકેર, વેલનેસ, મીડિયા, રિયલ એસ્ટેટ, બ્યુરોક્રેસી વગેરે સહિત જીવનના તમામ ક્ષેત્રોમાં આપવામાં આવ્યા હતા. આ એવી મહિલાઓ છે જેમણે માત્ર તેમના ક્ષેત્રમાં જ નહિ પરંતુ તેમની આસપાસના સમાજને બદલ્યો અને પ્રેરણા પણ આપી છે. આ પુરસ્કાર માટે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, રાજસ્થાન, વગેરે જેવા રાજ્યો સહિત સમગ્ર ભારતમાંથી અને વિદેશમાંથી પણ એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી.

પદમશ્રી સુશ્રી દીપા મલિક, પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા એવોર્ડ મેળવનાર શ્રીમતી પૂજા ગુપ્તા, પીએમ મોદી મહિલા ઉદ્યોગસાહસિક પુરસ્કાર મેળવનારમાં સુનીતા ગુપ્તા, એર ઈન્ડિયાના સુશ્રી હરપ્રીત, સુશ્રી રશ્મિ શર્મા, મીડિયા વ્યક્તિત્વ શ્રીમતી પ્રિયંકા પરાશર, સુશ્રી આંચલ ગુપ્તાનો સમાવેશ થાય છે. , આ કાર્યક્રમનું સંચાલન આર ભરત તેમજ મીનકાશી રજત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વર્લ્ડ યુનાઈટેડ ફાઉન્ડેશન, આશિષ અગ્રવાલ, ગોપાલ પદ ડૉ. ગૌરવ ગોયલ, અશોક કોઠારી (રત્નત્રય ફાઉન્ડેશન), નિર્મલ રંધાવા (ઈન્ડિકા), ડૉ પરમીત સિંહ ચઢ્ઢા (વર્લ્ડ શીખ ચેમ્બર ઑફ કૉમર્સ)નું સમર્થન પ્રાપ્ત થયું હતું.

પુનઃ વસવાટ માં પ્રચંડ બહુમતિ શાશન માં સૌથી મોટું કૌભાંડઃ રાજનેતા અને અધિકારીઓની મીલીભગત

પુનર્વસવાટના સરકારી બાબુઓની બલિહારી.. અધધ...એક તરફ ૪૭ વર્ષથી પુનર્વસવાટ માટે મૂળ અસરગ્રસ્તોને મળેલી સનદનો પ્લૉટ લેવા વર્ષોના ધરમ ધક્કા...

જ્યારે બીજી તરફ રાતોરાત બહાર ગામના અસરગ્રસ્તોને માત્ર ૧૫ દિવસમાં ૧૩ પ્લૉટ ફાળવીને કબ્જો ભોગવટો આપી દેતાં વિવાદ

નાકોદ અને મારવાડાના રહિશોના પુનર્વસવાટ માટે ફાળવેલી જમીન ગાડુ ગ્રામ પંચાયતના શ્યામનગર હાઈવે રોડ ઉપર આવેલ સર્વે નંબર ૮૦ અને ૮૧ પૈકી સર્વે નંબર ૮૧ માં નાકોદ અને મારવાડાના મૂળ અસરગ્રસ્તોએ પુનર્વસવાટ માટે ધરોઈ જલાગાર યોજના-૧ ની નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી, પુનર્વસવાટ નાયબ કલેક્ટરશ્રી સાબરકાંઠા હિંમતનગર કચેરીએ વર્ષો સુધી દરેક સરકારી ઓફિસો ઉપર અનેક વખત પુનર્વસવાટ માટે પ્લોટોની માગણી કરતાં આવેલ હતાં.ત્યારે સાબરકાંઠા પુનર્વસવાટ જિલ્લા કલેક્ટરશ્રીએ ગ્રામ જનોને અહી જમીન ઉપલબ્ધ ના હોવાથી પ્લોટો ફાળવી શકાય તેમ નથી આવો જવાબ આપેલ હતો તો અન્ય બહાર ગામના અસરગ્રસ્તો માટે પ્લોટો કેવી રીતે અને ક્યાં હેતુથી પ્લૉટ પાડીને રાતોરાત આપી દેવાયા???

એક તરફ સર્વે નંબર ૮૧ ના પુનર્વસવાટ માટે ફાળવેલ પ્લોટના રહિશોને હાઈવે રોડ બાજુએ કંપાઉન્ડ વોલ બનાવીને ખુલ્લો ભોગવટો ૧૯૭૪ થી કરી રહેલ હતા.તે ખુલ્લા ભોગવટાવાળી જમીનમાં કાર્યપાલક ઈજનેર શ્રીના લેખિત આદેશ અનુસાર ગ્રામજનોને સ્વખર્ચે કંપાન્ડ વોલ બનાવીને ખુલ્લો ભોગવટો કરવા આપેલ હતો.આમ છતાય ગ્રામ જનોના કહેવા મુજબ કેટલાક લાગતા વળગતા લોકોએ સાંઠ ગાંઠ કરીને ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી અને હિંમતનગર પુનર્વસવાટ નાયબ કલેક્ટર શ્રી સાથે ધરોઈના ઈજનેરશ્રીએ સ્થળ જગ્યાનું પ્રત્યક્ષ નિરિક્ષણ કર્યા વિના જ સર્વે નંબર ૮૧ માં ધરોઈની ઓફિસમાં બેઠાં બેઠાં જ ૧૩ પ્લોટો પાડી દઈને અન્ય ગામના અસરગ્રસ્તોને ફાળવી દેવામાં આવ્યાની મહિના પછી જાણ થતાં.સ્થાનિક મૂળ અસરગ્રસ્ત લોકો લાલ ગૂમ થયા છે.

જો કે આ સર્વે નંબરમાં શ્યામનગર ગામના વસવાટ પહેલાં આશરે સિત્તેર જેટલા વર્ષોથી શિવલાલ મોહનલાલ દરજીનુ એક ઘર પણ આવેલ છે.સદર ઘરનો ગ્રામ પંચાયત વેરો પણ વસુલી રહેલ છે અને વીજળીનું પણ કનેક્શન ચાલું છે. આ ઘરનો સમાવેશ પણ ઘર બન્યા પછી સિત્તેર વર્ષે પ્લોટની ફાળવણીમાં સમાવેશ કરી દેવામાં આવતાં ગામમા આ એક અચરજ પમાડે તેવી મૂર્ખતાનો એક ચર્ચાનો વિષય બની ગયો છે.આ ઉપરાંત મહાકાલી મંદિર પાસે ગામના વસવાટ પહેલા અસરગ્રસ્ત પરિવારો માટે વર્ષોથી એક કુવો અને હવાડો પણ આવેલ છે.સ્થાનિક નાકોદ અને મારવાડા ગામના મૂળ અસરગ્રસ્ત વસંતભાઈ પંચાલ,ઈશ્વરભાઈ વેણાભાઈ દરજી,સુરેશભાઈ દરજી, ઈશ્વરભાઈ શંકરભાઈ દરજી,વિરચંદભાઈ શંકરભાઈ દરજી અને પ્રમોદભાઈ રાવલ વગેરે એ ધરોઈ જલાગાર પુનર્વસવાટ યોજનાના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,કાર્યપાલક ઈજનેરશ્રી,નાયબ કલેક્ટર શ્રી વિરુદ્ધ કુદરતી ન્યાયના હિતમાં સ્થાનિક રહિશોએ અધિક કલેક્ટર શ્રી ગાંધીનગર અને ફરિયાદો કરવાની ફરજ પડી છે.

ગ્રામ જનોના કહેવા મુજબ જરુર પડશે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અથવા તો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય માટે નગરોળ તંત્ર વિરુદ્ધ આધાર પુરાવાઓ સહિત ફરિયાદ કરવાની ફરજ પડશે...કારણ કે એક તરફ નાકોદ મારવાડાના મૂળ અસરગ્રસ્ત પરિવારોને પ્લોટોની ફાળવણી કરવા માટેની સેકડો અરજીઓ દફતરે કરીને વર્ષોથી આ લોકોની માંગણીઓને નેવે અને ઢેબે ચડાવવામા આવી રહેલ છે તો બીજી તરફ બહાર ગામના અન્ય અસરગ્રસ્ત પરિવારોને તારીખ ૧:૦૭:૨૨ ના રોજ પ્લોટો પાડી દઈ તારીખ ૧૪:૭:૨૨ નાં રોજ તાત્કાલિક ફાળવી દઈને સદર પ્લોની સનદો આપી તેનો કબજો તથા ભોગવટો આપી દેવામાં આવેલ છે.સદર પ્લોટો પૈકી મોટાભાગના પ્લોટોના વેચાણ દસ્તાવેજો પણ તારીખ ૧૭-૦૭-૨૨ ના રોજ માત્ર ચાર જ દિવસમાં એક સાથે કરી દેવામાં આવેલ છે.એથી સાબિત થાય છે જે આ લોકોએ રહેઠાણ હેતુ પ્લોટોની માંગણી કરેલ નથી પરંતુ કેટલાક ભૂમિ લાલચુઓએ આ કામ માત્ર વિસ દિવસના ટુંકા સમયગાળામાં પાર પાડેલ છે.

જ્યારે દરજી વિરચંદભાઈ શંકરભાઈને તારીખ:૧૨:૦૬:૧૯૭૪ થી સનદ આપી તેનો કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં ૫૦૦/- ચલણ અને ગ્રામ પંચાયતના ખાતાં નંબર ૪૫૨ માં ૭૦/- રુપિયા વેરો પણ ભરેલ હોવા છતાય આજ દિન સુધી ૪૭ વર્ષથી રહેઠાણ હેતુ પ્લૉટનો કબજો આપવામાં આવેલ નથી.

આથી સદર ૧૩ પ્લોટો તાત્કાલિક ધોરણે શ્રી સરકાર હસ્તક કરવા અને જમીન મહેસુલ વિભાગના સરકારશ્રીના પાર્દર્શિતા અધિનિયમ હેઠળ સમાજિક સર્વે કરી કરાવીને યોગ્ય કાર્યવાહી કરી કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર ન્યાયના હિતમા આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.

નર્મદા કેનાલમાં ચાંદખેડાની પરિણીતાએ બે વર્ષના દીકરા સાથે ઝંપલાવ્યું, પુત્રનું મોત થતાં માતા સામે હત્યાનો ગુનો નોંધાયો

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરની ઝૂંડાલ નર્મદા કેનાલમાં ચાંદખેડાની પરિણીતાએ બે વર્ષના દીકરા સાથે ઝંપલાવી મોત વ્હાલું કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અહીંથી પસાર થતાં રાહદારીઓ મહિલાને બચાવી લીધી હતી પરંતુ તેના દીકરાનું ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે પત્ની સામે અડાલજ પોલીસ મથકમાં હત્યાનો ગુનો દાખલ કરાવ્યો છે. ત્યારે દંપતી વચ્ચે ચાલતા ઘરકંકાસનાં કારણે મહિલાએ કેનાલમાં પડતું મુક્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મૂળ વિજાપુરનાં પામોલ ગામના વતની તુલસીભાઇ નટવરભાઇ રાઠોડ ચાંદખેડા, અષ્ટક એલીગન્સ ફ્લેટમાં રહે છે. જેમના લગ્ન પંદર વર્ષ અગાઉ વિજાપુર તાલુકાના ખણોસા કોટડી ગામના ડાહયાભાઇ મુળજીભાઇ લેઉવાની દિકરી મનિષા સાથે સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. આ લગ્નગાળા દરમ્યાન તેઓને સંતાનમા દિકરી ઝલક (ઉ.૧૪) તથા એક દિકરો હેત ઉ.વ - ૨ નો હતો.

જ્યારે તુલસીભાઈના માતા પિતા અલગ રહે છે. અમદાવાદ ખાતે સુર્વણકલા જવેલર્સની દુકાનમાં નોકરી કરતા તુલસીભાઈ ગઈકાલે સવારના છ એક વાગ્યાના સુમારે નોકરી ઉપર જવા નિકળ્યા હતા.જ્યારે તેમની પત્ની મનીષા તેમજ દીકરા દીકરી ઘરે હતા. ત્યારે નોકરીનાં કામ અર્થે તુલસીભાઈ કલોલ ખાતે ગયા હતા. જ્યાંથી સાંજના આશરે છ વાગ્યાના અરસામાં કંપનીની ગાડીમાં ઝૂંડાલ નર્મદા કેનાલ ઉપર થઇ અમદાબાદ તરફ જતાં હતાં.

તે વખતે કેનાલ ઉપર લોકોની ભીડ હતી. જે ભીડ તરફ નજર દોડાવતા તુલસીભાઈને તેમની પત્ની મનિષા જોવા મળી હતી. સાંજના સમયે પત્નીને કેનાલ પર જોઈને તુલસીભાઈ ચોંકી ઉઠયા હતા. તુરંત જ પત્ની પાસે પહોંચી ગયા હતા. જ્યાં મનીષા ચોધાર આંસુએ રડી રહી હતી. ત્યારે માલુમ પડયું હતું કે, મનીષા દીકરા હેત સાથે કેનાલમાં પડી હતી. જેને રાહદારીઓએ બહાર કાઢી લીધી હતી.જો કે દીકરાની શોધખોળ ચાલી રહી હતી. ત્યારે એક તરવૈયા ભાઈએ ભારે જહેમત પછી હેતની લાશ બહાર કાઢી હતી. બાદમાં બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે મનીષાને સારવાર આપી હેતને મૃત જાહેર કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.